Tanzeemul makatib E library visit our website www.tanzeemulmakatib.org

اَنَامَدِیْنَۃُ الْعِلْمِ وَعَلِیٌّ بَابُہَا

તન્ઝીમુલ મકાતિબ ના અભ્યાસક્રમ મુજબ

ઈમામિયા

# દીનિયાત

2

પ્રકાશક

તન્ઝીમુલ મકાતિબ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(તન્ઝીમુલ મકાતિબના અભ્યાસક્રમ મુજબ)

## ઈમામિયા

# દીનિયાત

## ધોરણ 2 માટે

: પ્રકાશક :

**તન્ઝીમુલ મકાતિબ**

ગોલાગંજ, લખનઉ-૧૮

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


| | |
|---|---|
| નામ કિતાબ | દીનીયાત દોમ |
| સ. તબાઅત | એપ્રિલ ૨૦૧૨ |
| તઅદાદ | 3000 |
| મતબૂઆ | ઈમ્પ્રેશર પ્રિન્ટ હાઉસ - લખનઉ |
| પ્રકાશક | તન્ઝીમુલ મકાતિબ લખનઉ |
| કીમત | Rs. 25/- |

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# તન્ઝીમની અરઝ

તન્ઝીમુલ મકાતિબના સ્થાપક ખતીબે આઝમ મૌલાના સૈયદ ગુલામ અસ્કરી અ. મ.એ દેશમાં ફેલાયેલ મોઅમિન બિરાદરોના બાળકો બાળકો સુધી દીનનો સંદેશ પહોંચાડવા માટે 15 જમાદીઉલ્લ ઉલા હી. 1388 ના દીવસે થોડા મદ્રેસાથી તન્ઝીમુલ મકાતિબની શુરૂઆત કરેલ અને હિન્દુસ્તાન જ નહી પણ એશીયાભર માં પોતાની આગવી ઓળખથી એક માત્ર પહેલી સંસ્થા મૌજૂદ છે. જેણે બાળકોની પ્રાથમીક દીની તઅલીમ માટે કુરઆન, દીનીયાત અને ઉર્દૂ ઉપર સચોટ અને પૂરે પૂરો શૌક્ષણીક કોર્ષ રજુ કર્યો.

મકતબમાં વિવિધ વિસ્તારોમાં રહેતા મોઅમેનીનની સરળતાને ધ્યાન રાખી દીનીયાતની કિતાબને ગુજરાતી, બંગાળી, અંગ્રેજી, હીન્દી વિગેરે ભાષામાં પ્રસિદધ કરવામાં આવી જેથી ઉર્દૂ ભાષાથી અજાણ લોકો દીનથી અજાણ ન રહે અને ઝરૂરી દીની માહિતી કૌમના દરેક બાળકને પોતાની માતૃભાષામાં મળી રહે.

ઈમામીયા ઉર્દૂ રીડરની ગોઠવણ પણ આ અંદાજથીજ કરવામાં આવેલ કે તે ફકત નીયમ માટેની કિતાબ ન હોય પરંતુ ઈસ્લામના રીત રીવાજ ને તેના મુળ અંદાજમાં સ્પષ્ટ રજુ કરે જેથી ઈમામીયા ઉર્દૂ રીડરમાં ક્ષણ ભંગુર પાત્રોની ભરમાર, પાયા વિહોણી અને ફરેબી વાત અને વાર્તાની જગ્યાએ ઈસ્લામના મજબૂત ઉસુલને પેશ કરનાર અને રસ્તો ચીંધનાર ઈસ્લામના સિરતદાર અને સુધારક પ્રતિબીબોના અખલાકી બનાવોને ગોઠવવામાં આવ્યા.

પરંતુ ઉર્દૂથી અજાણ વિસ્તારામાં માતૃભાષામાં શીક્ષણ મેળવનારબાળકો ઈમામીયા ઉર્દૂ રીડર અને તેના ફાયદા તથા જાણકારીથી કોસો દુર રહેતા હતા જેથી આ બાબત ધ્યાનમાં આવતા કોશીષ કરવામાં આવી કે ઉર્દૂ રીડરના તે પાઠોને બીજી ભાષામાં દીનીયાતમાં મેલવી દેવામાં આવે.

આ વીશે અમો શાબાન એજયુકેશન ટ્રસ્ટ મહુવાનો આભાર માનીએ છીએ કે તેઓના જવાબદારોએ પોતાની જાણકારીને કામમાં લાવી સંપુર્ણ રીતે ન ફકત આ કામ પુરૂ કર્યુ પરંતુ દરેક પાઠની સાથે તેના પુનરાવર્તનનો પણ વધારો કાર્યો જેથી દરેક ધોરણ માટે વર્ક બુક રૂપે અલગ પ્રકાશન પ્રકાશિત કરી રહ્યા છીએ.

આશાછે કે દીનીયાતની આ પહેલી કિતાબ બાળકો માટે ખૂબજ ફાયદા કારક રહેશે.

"પહેલી નીશાની કદી પણ છેલ્લો અક્ષર નથી બનતો" અને તમામ જાણકાર અને તાલીમ સાથે સંકળાયેલ તથા જ્ઞાન અને શીક્ષણથી જોડાયેલા દરેક લોકોની દીલચશ્પી અને સહકારની અપેક્ષા ઈચ્છીએ છીએ.

વસ્સલામ
સૈયદ સફી હૈદર
સેક્રેટ્રી તન્ઝીમુલ મકાતિબ
લખનઉ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સૂચના

## (શિક્ષકો માટે)

(૧) શબ્દોના અર્થો લખાવીને યાદ કરાવવા. તેમજ ભાવાર્થ મગજમાં ઉતારવો.

(૨) પાઠ પૂરો થયા બાદ શિક્ષકે એવા પ્રશ્નો પૂછવા, કે જેનાથી બાળકો સમજ્યા હોય તેવા અર્થવાળું વળતું બયાન આપી શકે.

(૩) પાઠ પૂરો થયા પછી શિક્ષકે પ્રશ્નો ટૂંકમાં લખાવીને મોઢે કરાવવા. મસાએલમાં જરૂરત પ્રમાણે પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવામાં આવે અને જરૂરી સૂરા યાદ કરાવવામાં આવે.

દરેક નશરીયાત અને મતબુઆત તથા લખાણ તન્ઝીમુલ મકાતિબ સંસ્થાના હક્કમાં તન્ઝીમુલ મકાતિબમાં સેફ છે. રજા વગર પુરી અથવા કોઇ ભાગ પ્રકાશિત કરવા પર કાનુની રાહે પગલા લેવામાં આવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 1

## દુઆ

અય ખુદા! મેરી દુઆ મે યે અસર હો જાએ, ઝિંદગી તેરી ઈતાઅતમે બસર હો જાએ.

હર તરફ દહરમે હો અમનો અમાં કા ચર્ચા, દૂર હર ગોશે સે દુનિયાકે ઝરર હો જાએ.

દિલમે ઈન્સાન કે હો જઝબે ઈતાઅત પૈદા, તેરી મરઝીકા તલબગાર બશર હો જાએ.

કોઈ મુશકિલ નહીં હર શખ્સ હો ભાઈ ભાઈ, ઉન પે ગર તેરી ઈનાયત કી નઝર હો જાએ.

ઐસી ખીદમત કરૂ દુનિયાકી કે સબ ખુશ હો જાએ, હર ઝબાં મેરી હી તારીફમે તર હો જાએ.

મેરી દૌલતસે ગરીબોકા ભલા હો યા રબ, ચાહે ફાંકોમે મેરી ઉમ્ર બસર હો જાએ.

મેરી નેકી કા નીશા કોઈ ન કોઈ રહ જાએ, જબભી જીસ રાહ સે ભી મેરા ગુઝર હો જાએ.

હર ઘડી અપની નીગાહોમે રહે કરબોબલા, ઉમ્ર શબ્બીર કે માતમમે બસર હો જાએ.

પ્યાસા દુશ્મનભી હો અપના તો પીલાદુ પાની, તાકે હર દિલમેં મેરી યાદગાર હો જાએ.

મેરે હાથો મે હો ઈસ તરહ કી નરમી પૈદા, છુ લુ કાંટો કો તો મીસ્લે ગુલે તર હો જાએ.

ઐસા દિલ દે કે પરીશાન કહીં હો કોઈ,
મેરી ફિતરત કો બહર હાલ ખબર હો જાએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 2
# અલ્લાહનો વજુદ

ઘરમાંથી નિકળતા ધુમાડાને જોઈને ખાત્રી થાય છે કે ત્યાં આગ બળી રહી છે. રસ્તા ઉપર પગલાનાં નિશાનને જોઈને ખબર પડે છે કે અહીંથી જરૂર કોઈ પસાર થયું છે.

ચાલતી રેલગાડી, ભાગતી મોટર તથા દોડતી સાયકલને જોઈને ખાત્રી થાય છે કે કોઈએ તેને જરૂર બનાવેલ છે, તે પોતે પોતાની મેળે નથી બની અને એ પણ ખાત્રી થાય છે કે કોઈ તેને ચલાવી રહ્યું છે. તે પોતે ચાલતી નથી.

એવી જ રીતે ઝમીન, આસમાન, ઈન્સાન, જાનવર, ચંદ્ર, સૂરજ, તારા, નદી, ઝાડ, પહાડ વગેરેને જોઈને ખાત્રી થઈ જાય છે કે આ દરેક ચીઝોને પૈદા કરવાવાળો કોઈ જરૂર છે અને આ બધાને પૈદા કરનારને અલ્લાહ કહેવામાં આવે છે.

આપણે મોટર બનાવનારને જોયા વગર ફેંસલો કરીએ છીએ કે તેની પાસે મોટર બનાવવાનું ઈલ્મ છે અને તે જીવતો છે, અને મોટર બનાવવાની શક્તિ ધરાવે છે. એવી જ રીતે આ દુનિયાનું સંચાલન જોઈને માનવું પડે છે કે તેને પૈદા કરવાવાળો કોઈ મહાન શક્તિશાળી છે અને તે દરેક પ્રકારની જાણકારી ધરાવે છે અને તેણે જ આ સંસારને પૈદા કરેલ છે અને જ્યારે ઈચ્છા કરશે ત્યારે એક જ ઈશારાથી તેને નાબૂદ કરી દેશે.

## સવાલ

૧. અલ્લાહ કોણ છે ?

૨. અલ્લાહને કેવી રીતે ઓળખવો ?

૩. આ દુનિયા આપમેળે કેમ પૈદા થઈ શકતી નથી ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 3
# તૌહીદ

ઝમીનથી આસમાન સુધી આખી દુનિયા એક જ રીતે ચાલવી, ચંદ્ર, સૂરજને સમય પ્રમાણે નિશ્ચિત સમયે નિકળવું અને ડૂબી જવું, નદીઓનું એક જ ધાર ઉપર વહેવું, ઝાડોનું એક જ પ્રકારથી ઊગવું અને વિકાસ થવો, બતાવી આપે છે કે આ દુનિયાનો પૈદા કરનાર ફક્ત એક જ છે. નહિ તો દુનિયાને ચલાવવામાં ગરબડ ઊભી થાત.

(૧) એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો અને તમામ આસમાની કિતાબો મારફ્ત એવું જ બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ એક છે, અગર એક સિવાય બીજો કોઈ અલ્લાહ હોત તો તે પણ નબીયો મોકલત અને આસમાની કિતાબ ઉતારત. તેથી એમ સાબિત થાય છે કે અલ્લાહ એક છે.

(૨) જો બે અલ્લાહ હોત તો દુનિયા એક ઢંગ ઉપર ન ચાલતી હોત. જો બે અલ્લાહ હોત તો બીજા અલ્લાહે પૈદા કરેલી કોઈ બીજી દુનિયા પણ હોત અને ચંદ્ર તથા સૂરજ બે પ્રકારના હોત. પરંતુ એવું નથી એટલે સાબિત થાય છે કે અલ્લાહ એક છે.

## સવાલ

૧. અલ્લાહના એક હોવાની પહેલી દલીલ કઈ છે ?

૨. અલ્લાહના એક હોવાની બીજી દલીલ કઈ છે ?

૩. આ દુનિયાને જોઈને કેવી રીતે ખબર પડી કે અલ્લાહ એક છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 4

# સિફાતે સબૂતિયહ

અલ્લાહમાં જોવા મળતી મશહુર વાતો આઠ છે. જેને સિફાતે સબૂતિયહ કહેવાય છે.

૧. **કદીમ** : એટલે અલ્લાહ હંમેશાથી છે અને હંમેશા રહેશે.

૨. **કાદિર** : અલ્લાહ દરેક ચીઝ ઉપર કાબુ ધરાવે છે, જે ચાહે તે કરે અને જે ન ચાહે તે ન કરે.

૩. **આલિમ** : એટલે અલ્લાહ દરેક ચીઝને જાણે છે. કોઈ ચીઝ તેનાથી છુપી નથી.

૪. **મુદરિક** : એટલે અલ્લાહ આંખ વગર દરેક વસ્તુ જોઈ શકે છે અને કાન વગર દરેક વસ્તુ સાંભળી શકે છે.

૫. **હઈ** : એટલે અલ્લાહ હંમેશાથી જીવતો છે અને હંમેશા જીવતો રહેશે.

૬. **મુરીદ** : એટલે અલ્લાહ દરેક કામ પોતાના ઈરાદાથી અને શકિતથી કરે છે. તે કોઈ પણ કાર્ય કરવા માટે મજબુર નથી.

૭. **મુતકલ્લિમ** : એટલે અલ્લાહ જે ચીઝમાં ચાહે છે તેમાં પોતાની આવાઝ પૈદા કરે છે.

૮. **સાદિક** : અલ્લાહ દરેક વાતમાં સાચો છે.

## સવાલ

૧. આપણા તથા અલ્લાહના જોવામાં અને સાંભળવામાં શું તફાવત છે ?

૨. કાદિર તથા હઈનો અર્થ શું છે ?

૩. આપણા બોલવામાં અને અલ્લાહના મુતકલ્લિમ થવામાં શું ફર્ક છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 5

# સિફાતે સલ્બીયહ

અલ્લાહમાં જે વસ્તુ નથી દેખાતી તેમાંથી મશહુર આઠ છે. અને તેને સિફાતે સલ્બીયહ કહે છે.

૧. **મુરક્કબ નથી :** એટલે કે અલ્લાહ કોઈ ચીઝથી મળીને નથી બન્યો તેમજ કોઈ વસ્તુ ખુદાથી મળીને નથી બની.

૨. **શરીર નથી :** એટલે કે અલ્લાહ હાથ, પગ, આંખ, કાન, મોઢું, જીભ જેવું કંઈ નથી રાખતો.

૩. **મકાન નથી :** એટલે અલ્લાહને રહેવા માટે કોઈ જગ્યા નથી. અલબત્ત તેની કુદરતના કરીશ્મા દરેક જગ્યાં પર મૌજુદ છે.

૪. **હુલૂલ નથી કરતો :** એટલે અલ્લાહ કોઈ પણ વસ્તુમાં (ચીઝમાં) સમાઈ શકતો નથી. તેમ જ કોઈ વસ્તુનો અલ્લાહમાં સમાવેશ થઈ શકતો નથી.

૫. **મરઈ નથી :** એટલે કે અલ્લાહને આ દુનિયામાં કોઈ જોઈ શકતું નથી અને આખેરતમાં પણ જોઈ શકાશે નહિ.

૬. **મહલ્લે હવાદિસ નથી :** એટલે અલ્લાહમાં પરીવર્તનવાળી કોઈ વસ્તુ (ચીઝ) નથી.

૭. **શરીક નથી :** એટલે અલ્લાહ એકલો છે અને તેનો કોઈ સાથીદાર નથી.

૮. **સિફાત ઝાયદ બરઝાત નથી :** એટલે કે અલ્લાહની ઝાત તેમજ સિફાત બંને અલગ અલગ નથી.

## સવાલ

૧. અલ્લાહની રહેવાની જગ્યા કઈ છે ?

૨. અલ્લાહ કયારે દેખાય છે ?

૩. હુલૂલનો અર્થ શું છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 6

## અલ્લાહ્મા હિલ્લી

આજથી સાતસો વર્ષ પહેલા એક આલિમ થઈ ગયા. જેનું નામ અલ્લામા હિલ્લી હતું. તેઓ પોતાના ઝમાનાના બહુજ મોટા આલિમ હતા. તેઓ કોઈ પણ સવાલનો જવાબ દેવામાં એક મિનિટની પણ વાર લગાડતા ન હતા. એક વખત એક નાસ્તિક તે ઝમાનાના બાદશાહને કહેવા લાગ્યો, કે હું તમારા ખુદાને નથી માનતો. મારા માનવા પ્રમાણે આ દુનિયા પોતાની મેળેજ બની ગઈ છે. તેનો બનાવનાર કોઈ નથી. અને એક દિવસ આ દુનિયા પોતાની મેળેજ ખતમ થઈ જશે. બાદશાહ આ સાંભળી ચુપ થઈ ગયો. તેની પાસે કોઈ જવાબ ન હતો. બાદશાહે મોટા મોટા આલિમોને બોલાવ્યા. પરંતુ બધા તેની સાથે વાદ વિવાદ કરવાથી તંગ આવી ગયા. છેવટે અલ્લામા હિલ્લીને બોલાવામાં આવ્યા. આ બાબતે વાત ચીત કરવા અલ્લામા તૈયાર થઈ ગયા. વાદ વિવાદનો સમય અને દિવસ નક્કી કરવામા આવ્યો. નાસ્તિક તે દિવસે સમય પહેલાજ હાજર થઈ ગયો. અલ્લામા હિલ્લીએ જાણી જોઈને આવવામાં મોડુ કર્યુ. તે નાસ્તિકે બાદશાહને મેણું માર્યુ કે, તમારો આલિમ મારો સામનો કરવાથી ડરી ગયો. બદશાહે કહ્યુઃ કે કાઈ વાત જરૂર બની હશે. તેઓ આવશે જરૂર. થોડી વાર પછી અલ્લામા હિલ્લી આવ્યા, બાદશાહે મોડું થવાનું કારણ પુછયું. આપે ફરમાવ્યું, મારૂં ઘર નદીના પેલા કિનારે છે. જયારે હું નદી કિનારે પહોંચ્યો, ત્યારે ત્યાં કોઈ હોડી ન હતી, કે તેના પર બેસી હું નદી પાર કરૂં. હુ પરેશાન હતો, કે અચાનક એક પાટીયું આસમાનથી નીચે પડયું. અને ત્યાર પછી તેની બાજુનું બીજુ પાટીયું આસમાનથી પડયું. અને પછી બન્ને મળી ગયા. અને ત્યાર પછી થોડી ખીલ્લીઓ આવી અને પોતાની મેળે જોડાઈ ગઈ. અને હોડી તૈયાર થઈ ગઈ. હું હોડી પર બેસી ગયો અને હોડી પોતાની મેળે ચાલવા લાગી. અને મને નદીની બીજી તરફ પહોંચાડી દીધો. આ સાંભળીને બધા માણસો નવાઈ પામ્યા. પેલો નાસ્તિક કહેવા લાગ્યો, કે હું આ માણસ સાથે વાદ વિવાદ નહીં કરૂં. કારણ કે તેનો મગજ ખરાબ થઈ ગયો છે. શું કોઈ હોડી પોતાની મેળે બની શકે ખરી ? હોડી આપ મેળે ચાલી શકે ખરી ? આ બધી પાગલ માણસો જેવી વાતો છે. અલ્લામા એ સવાલ કર્યો શું ખરેખર હોડી પોતાની મેળે ન બની શકે ? નાસ્તિકે કહ્યુઃ બેશક! ન બની શકે. આપે કહ્યુઃ બહુજ અફસોસની વાત છે. એક હોડી તેના બનાવનાર વગર ન બની શકે, અને આટલી મોટી દુનિયા તેના બનાવનાર વગર બની જાય ! આ સાંભળી નાસ્તિક પરેશાન થઈ ગયો. અને પોતાનો દાવો પાછો ખેંચી લીધો.

### સવાલ

(૧) અલ્લામા હિલ્લી કોણ હતા ? અને કેટલા વર્ષો પહેલા તેઓ આ દુનિયામાં હતા ?
(૨) પેલા નાસ્તિકે બાદશાહને શું કહ્યું ? અને બાદશાહે તેનો શું જવાબ આપ્યો ?
(૩) અલ્લામા હિલ્લીએ તે નાસ્તિકને કેવી રીતે જવાબ આપ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 7

# ઈસ્લામ, ઈમાન, તકવા

ઉસૂલે દીનમાંથી ત્રણ ચીઝો માનવી એ ઈસ્લામ છે. એટલે કે જે લોકો ફકત તવહીદ, નુબૂવ્વત અને કયામતને ઉસૂલે દીન (દીનના મુળ) માને છે તેઓ મુસલમાન કહેવાય છે. ઉસૂલે દીનની પાંચેય ચીઝને માનવી તેને ઈમાન કહે છે. તેથી જે લોકો તવહીદ, અદલ, નુબૂવ્વત, ઈમામત અને કયામતને ઉસૂલે દીન માને છે તેઓ મોમિન કહેવાય છે.

અલ્લાહથી ડરવું અને તેના અઝાબનો ડર રાખવો તેમજ અલ્લાહના અહકામની પાબંદી કરવી તેને તકવા કહે છે.

, ઈસ્લામને ન માનવાવાળો કાફિર (ખુદાને ન માનવાવાળો) હોય છે.

ઈમાન ન રાખવા વાળો મુનાફિક છે અને દીનના અહકામની પાબંદી ન કરવાવાળો ફાસિક કહેવાય છે.

## સ્સવાલ

૧. ઈસ્લામ શું છે અને તેના વિરોધીને શું કહેવાય છે ?

૨. ઈમાનની વ્યાખ્યા શું છે ?

૩. મુનાફિક તથા ફાસિકમાં શું તફાવત છે ?

૪. તકવા એટલે શું ? અને મુત્તાકી કોને કહેવામાં આવે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 8
## સાચી વાર્તા

એક મકતબમાં ઘણા છોકરાઓ ઈલ્મ હાંસિલ કરતા હતા. તેમાંથી એક તાલીબે ઈલ્મને શિક્ષક બહુજ પ્યાર કરતા હતા. તેને માર્કસ પણ વધારે આપતા હતા. એક દિવસ બધા છોકરાઓએ સાથે મળી શિક્ષક પાસે ફરિયાદ કરી. અમે બધા તમારી પાસે ઈલ્મ હાંસિલ કરીએ છીએ. પણ શાં માટે તમે મહમૂદને વધારે ચાહો છો ? શિક્ષકે કહ્યુ:,કે તે તમારા બધા કરતા વધારે હુશિયાર છે. અને વધારે મેહનત કરે છે.તમે તેના જેવા નથી.છોકરાઓએ શિક્ષકની વાત દિલથી ન માની,અને ચુપ થઈ ગયા.શિક્ષકે કહ્યુ: અગર તમારી ઈચ્છા હોય તો હું તમારી પરીક્ષા કરૂં ? છોકરાઓ એ કહ્યુ: તેનાથી સારી વાત કઈ ? શિક્ષકે એલાનકર્યું: કે કાલે પરીક્ષાં થશે. બધા છોકરા તૈયાર થઈ ગયા. બીજા દિવસે ઉસ્તાદ પાસે થોડીક છરી અને ચકલીઓ હતી. તેમાંથી બંધા છોકરાઓને એક એક છરી અને એક એક ચકલી આપી. અને કહ્યું: કે, આ ચકલીને ઝબહ કરીને લઈ આવો. પરંતુ ચકલીને ઝબહ કરતી વખતે તમને કોઈ જુએ નહીં તે વાતનો ખ્યાલ રાખશો.બધા છોકરાઓ થોડી વારમાં ચકલીને ઝબહ કરીને લાવ્યા. પરંતુ મહમૂદ ચકલીને જીવતી લાવ્યો. છોકરાઓ તેને જોઈ હંસવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, ઉસ્તાદ મહમૂદને બહુજ ચાહે છે. અનેમહમૂદે ઉસ્તાદની વાત પર અમલ ન કર્યો. ઉસ્તાદે એક એક ને બોલાવી પુછયું કે તે ચકલી કયાં ઝબહ કરી? બધા જવાબ આપવા લાગ્યા: કોઈએ કહ્યુ: બાથરૂમમાં,તો કોઈએ કહ્યુ: કે મેડા પર, તો કોઈએ કહ્યુ:બંધ રૂમમા, તો કોઈએ બીજી જગ્યાનું નામ આપ્યું. ત્યાર પછી મહમૂદને બોલાવી અને તેનાથી સવાલ કર્યો. મેહમૂદે જવાબ આપ્યો કે,હું જે જગ્યા પર ચકલીને ઝબહ કરવા ગયો, ત્યા એક જોનાર મૌજુદ હતો.માટે હું ઝબહ ન કરી શકયો. ઉસ્તાદે પુછયુ: કોણ જોનાર હતુ ? તેણે કહ્યુ: કે મારો ખુદા દરેક જગ્યાએ મને જોઈ રહ્યો હતો. બચ્ચાઓ! જોયું મહમૂદને ખુદા પર કેટલો ભરોસો છે ? તે છુપાઈને પણ કોઈ ગુનાહ નથી કરતો.તમે પણ મહમૂદ જેવા થઈ જાવ. અને યાદ રાખો કે ખુદા તમને દરેક જગ્યાએ જોઈ રહ્યો છે.

<u>સવાલ</u>

(૧) ઉસ્તાદ શા માટે મહમૂદને વધારે ચાહતા હતા ?
(૨) છોકરાઓએ ભેગા મળી ઉસ્તાદને શું ફરિયાદ કરી ?
(૩) ઉસ્તાદે છોકરાઓને સમજાવવા માટે શું કર્યુ ?
(૪) ઉપરોકત પાઠ પરથી શું શીખ મળે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 9

# અકીદા તથા અમલ

કોઈ માણસ જ્યારે કોઈ કામ કરે છે તો કામ કર્યા અગાઉ વિચારે છે કે આ કામને કેવી રીતે કરવું અને પછી તે શરૂ કરે છે. વિચાર જેટલા સારા હોય છે, અમલ પણ એટલો જ સારો થાય છે. એટલા માટે ઈસ્લામે સારા અમલ માટે નેક વિચાર ધારણ કરવાનો હુકમ કર્યો છે. આ સારા વિચારોને અકીદો કહે છે. અકીદો એ વિશ્વાસ છે કે જેનાથી ઈન્સાનનું જીવન સુધરે છે અને આમાલને સારાં તથા પવિત્ર (સાફ) થવામાં મદદ મળે છે.

તવહીદ દરેક કાર્યમાં અલ્લાહના હુકમનું પાલન કરવાની પ્રેરણા આપે છે.

નબૂવ્વત તથા ઈમામતને સામે રાખવાથી આપણે કેવો અમલ કરવો જોઈએ તેની સૂઝ પડે છે.

અદાલત સારા કામો માટે ઈનામ અને બુરા કામો માટે સઝા મળવાનો સંકેત કરે છે.

કયામત જન્નતમાં જવાની આશા તથા જહન્નમમાં મોકલવામાં આવશે તેનો ડર પૈદા કરે છે.

### સવાલ

૧. અકીદો તથા અમલનો તફાવત શું છે ?
૨. ઉસૂલે દીનનો ફાયદો શું છે ?
૩. અમલ સારો કયારે બને છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 8

## સાચી વાર્તા

એક મકતબમાં ઘણા છોકરાઓ ઈલ્મ હાંસિલ કરતા હતા. તેમાંથી એક તાલીબે ઈલ્મને શિક્ષક બહુજ પ્યાર કરતા હતા. તેને માર્કસ પણ વધારે આપતા હતા. એક દિવસ બધા છોકરાઓએ સાથે મળી શિક્ષક પાસે ફરિયાદ કરી. અમે બધા તમારી પાસે ઈલ્મ હાંસિલ કરીએ છીએ. પણ શાં માટે તમે મહમૂદને વધારે ચાહો છો ? શિક્ષકે કહ્યુ:,કે તે તમારા બધા કરતા વધારે હુશિયાર છે. અને વધારે મેહનત કરે છે.તમે તેના જેવા નથી.છોકરાઓએ શિક્ષકની વાત દિલથી ન માની,અને ચુપ થઈ ગયા.શિક્ષકે કહ્યુ: અગર તમારી ઈચ્છા હોય તો હું તમારી પરીક્ષા કરૂં ? છોકરાઓ એ કહ્યુ: તેનાથી સારી વાત કઈ ? શિક્ષકે એલાનકર્યુ: કે કાલે પરીક્ષા થશે. બધા છોકરા તૈયાર થઈ ગયા. બીજા દિવસે ઉસ્તાદ પાસે થોડીક છરી અને ચકલીઓ હતી. તેમાંથી બધા છોકરાઓને એક એક છરી અને એક એક ચકલી આપી. અને કહ્યું: કે, આ ચકલીને ઝબહ કરીને લઈ આવો. પરંતુ ચકલીને ઝબહ કરતી વખતે તમને કોઈ જુએ નહીં તે વાતનો ખ્યાલ રાખશો.બધા છોકરાઓ થોડી વારમાં ચકલીને ઝબહ કરીને લાવ્યા. પરંતુ મહમૂદ ચકલીને જીવતી લાવ્યો. છોકરાઓ તેને જોઈ હંસવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, ઉસ્તાદ મહમૂદને બહુજ ચાહે છે. અનેમહમૂદે ઉસ્તાદની વાત પર અમલ ન કર્યો. ઉસ્તાદે એક એક ને બોલાવી પુછ્યું કે તે ચકલી કયાં ઝબહ કરી? બધા જવાબ આપવા લાગ્યા: કોઈએ કહ્યુ: બાથરૂમમાં,તો કોઈએ કહ્યુ: કે મેડા પર, તો કોઈએ કહ્યુ:બંધ રૂમમા, તો કોઈએ બીજી જગ્યાનું નામ આપ્યું. ત્યાર પછી મહમૂદને બોલાવી અને તેનાથી સવાલ કર્યો. મેહમૂદે જવાબ આપ્યો કે,હું જે જગ્યા પર ચકલીને ઝબહ કરવા ગયો, ત્યા એક જોનાર મૌજુદ હતો.માટે હું ઝબહ ન કરી શકયો. ઉસ્તાદે પુછયુ: કોણ જોનાર હતુ ? તેણે કહ્યુ: કે મારો ખુદા દરેક જગ્યાએ મને જોઈ રહ્યો હતો. બચ્ચાઓ! જોયું મહમૂદને ખુદા પર કેટલો ભરોસો છે ? તે છુપાઈને પણ કોઈ ગુનાહ નથી કરતો.તમે પણ મહમૂદ જેવા થઈ જાવ. અને યાદ રાખો કે ખુદા તમને દરેક જગ્યાએ જોઈ રહ્યો છે.

<u>સવાલ</u>

(૧) ઉસ્તાદ શા માટે મહમૂદને વધારે ચાહતા હતા ?

(૨) છોકરાઓએ ભેગા મળી ઉસ્તાદને શું ફરિયાદ કરી ?

(૩) ઉસ્તાદે છોકરાઓને સમજાવવા માટે શું કર્યુ ?

(૪) ઉપરોકત પાઠ પરથી શું શીખ મળે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 10

# અદલ

અલ્લાહને એક માનવાની સાથે તેને આદિલ એટલે કે ઈન્સાફ કરવાવાળો પણ માનવો જરૂરી છે. અલ્લાહ આદિલ છે તેનો અર્થ એ છે કે તે કોઈ સારૂં કામ છોડતો નથી અને કોઈ ખરાબ કામ કરતો નથી.

અલ્લાહ જે કરે છે તે સારૂં કરે છે. આપણે તેના કામો પાછળના કારણો અને ફાયદાઓને સમજી શકતા નથી એટલે વિરોધ કરીએ છીએ.

અલ્લાહના કામ દરેક માટે હોય છે. તે કોઈ એક માણસ અથવા જગ્યાના ફાયદા માટે કામ નથી કરતો. આપણે ફક્ત આપણો ફાયદો જોઈએ છીએ અને આપણા જ ફાયદા માટે કામ કરીએ છીએ. પરંતુ અલ્લાહ તો દરેક મનુષ્યનો અલ્લાહ છે. તે દરેક કામમાં સઘળા લોકોનું ધ્યાન (ખ્યાલ) રાખે છે. તેણે નબી મોકલ્યા તો બધાના માટે, કિતાબ ઉતારી તો સઘળાને માટે, ઈમામ મોકલ્યા તો દરેક માટે, તે કોઈનો સગો વ્હાલો નથી. અલ્લાહ દરેક સારા માણસનો દોસ્ત છે. અને દરેક બુરા માણસનો દુશ્મન છે.

### સવાલ

૧. અદલનો અર્થ શું છે ?

૨. લોકો અલ્લાહને ઝાલીમ શા માટે સમજી લે છે ?

૩. અલ્લાહના કામ કોના માટે હોય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 11

# બંદાના કામ

અલ્લાહે દરેક ઈન્સાનને પૈદા કર્યા પછી તેને કુવ્વત તથા તાકત આપી અને સારા ખરાબની ઓળખ બતાવીને અમલ કરવાની આઝાદી આપી દીધી. હવે દરેક ઈન્સાનને સ્વતંત્રતા છે કે દુનિયામાં ચાહે તો સારા કામ કરે અને ચાહે તો બુરા કામ કરે.

એ વાત નક્કી છે કે કયામતને દિવસે ઈન્સાનને તેના દરેક સારા તેમજ ખરાબ કામોનો બદલો જરૂર મળશે.

જો કોઈ મજબુર માણસ કોઈ સારૂં કામ કરે તો તેના વખાણ નથી થતા અને ખરાબ કામ કરે તો તેને ખરાબ નથી કહી શકતા. એટલે જ ખુદાએ કોઈ પણ ઈન્સાનને કોઈપણ બાબત ઉપર મજબુર નથી બનાવ્યો. પયગમ્બરોએ બંદાઓને સારૂં કામ કરવાનો રસ્તો બતાવ્યો અને ખરાબ કામોથી બચવાનું શિક્ષણ આપ્યું. હવે ઈન્સાન કોઈ બહાનું નથી કાઢી શકતો કે તેની પાસે સારા કે ખરાબનું જ્ઞાન ન હતું.

## સવાલ

૧. બંદાઓ તેના કાર્ય માટે સ્વતંત્ર છે કે લાચાર ?

૨. લાચારીથી શું નુકસાન થાય છે ?

૩. નબીને શા માટે મોકલવામાં આવ્યા હતા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 12

# નબીના ગુણો

અલ્લાહે જે એક લાખ ચોવીસ હજાર નબીયો મોકલ્યા છે તેઓ રંગ અને રૂપમાં આપણા જેવા ઈન્સાન હતા. આપણી જેમજ ખાતા પીતા હતા અને સુતા જાગતા હતા, પરંતુ તેઓમાં કેટલીક ચીજો એવી દેખાતી હતી જે આપણામાં નથી.

(૧) નબીયોને અલ્લાહે આપણી હીદાયત (શિક્ષણ) માટે મોકલ્યા અને આપણને નબીના હુકમનું પાલન કરવા માટે પૈદા કર્યા.

(૨) તેઓ આલિમ (જ્ઞાનવાળા) પૈદા થાય છે અને બચપણમાં જ હરામ હલાલને જાણે છે. આપણે અજ્ઞાન પૈદા થઈએ છીએ અને આપણા ઉપર હરામ તથા હલાલને માનવાનું બાલીગ (૧૫ વર્ષનો છોકરો અને ૯ વર્ષની છોકરી) થયા પછી વાજિબ થાય છે.

(૩) તેઓ દુનિયામાં કોઈ પાસેથી તાલીમ લેતા નથી. પરંતુ આપણે તાલીમ મેળવીએ છીએ.

(૪) તેઓથી આખી ઝિંદગીમાં એક પણ ભૂલ થતી નથી, જ્યારે આપણાથી દરરોજ ભૂલો થતી રહે છે.

(૫) તેઓને અલ્લાહ નબુવ્વતનો હોદ્દો આપે છે કે જેના આપણે હકદાર નથી.

### સવાલ

૧. નબીએ કેવા હોવું જોઈએ ?

૨. શું કોઈ અજ્ઞાન અથવા ગુનેહગાર નબી બની શકે છે ?

૩. આપણામાં અને નબીમાં શું ફર્ક છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 13

## હઝરત મૂસા અ.સ.

હઝરત મૂસા અ.સ.અલ્લાહના પૈગમ્બર હતા.તેમનાં ઝમાનાના લોકો બહુજ ઝિદ્દી અને જઘડાળું હતા. એ લોકો અલ્લાહના રસૂલને ખુબજ પરેશાન કરતા હતા. તેમનાથી ઉલટા સીધા સવાલ કરતા હતા.એક વખત કહેવા લાગ્યા અમારે અલ્લાહને જોવો છે. હઝરત મૂસા અ.એ ઘણું સમજાવ્યું કે અલલાહને કોઈ જોઈ શકતુ નથી. પંરતુ તે લોકો ન માન્યા, હઝરત મૂસા અ. કંટાળી ગયા અને પોતાની કૌમને લઈ તૂરના પહાડ પર ગયા. જયા તે અલ્લાહ સાથે વાત કરવા જતા હતા.અને અલ્લાહથી કહ્યુ: મારી કૌમ તનેજોવાની ઝિદ કરે છે અને સમજાવવાથી સમજતા નથી. હવે તુંજ તેઓને સમજાવ. અલ્લાહે કહ્યુ: કે તેઓને કહીદો! કે હું પહાડ પર એક વીજળી ચમકાવીશ, અગર તેઓ તે વીજળીને સહન કરી નહીં શકે, તો તેઓ મને શું જોઈ શકશે ? થોડી વાર પછી એક વીજળી ચમકી, એ જોઈ હઝરત મૂસા અ.બેહોશ થઈ ગયા. અને બાકીના બધા માણસો સળગીને રાખ થઈ ગયા.ખુદાએ બતાવી દીધું કે જે લોકો એક વીજળી સહન ન કરી શકયા તો તેઓ મને શું જોઈ શકે ? આ બાબત પરથી જાણવા મળે છે કે,જે લોકો પોતાની હદથી આગળ વધવા જાય છે તે બરબાદ થઈ જાય છે. જેવી રીતે કે હઝરતે મૂસા અ.સ.ની કૌમ બની ઈસરાઈલ તબાહ થઈ ગઈ.

<u>સવાલ</u>

(૧) હઝરત મૂસા અ.ની કૌમ કેવી હતી અને તેઓએ હ.મૂસા અ.થી શું ઝિદ કરી હતી ?

(૨) હઝરત મૂસા અ. કૌમને સમજાવ્યા પછી શું કર્યુ ?

(૩) ખુદાએ હ.મૂસા અ.ની કૌમને શું સમજાવ્યું અને કૌમનું શું થયું ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 14

## હઝરત સુલૈમાન અ.

હઝરતે સુલૈમાન અ. અલ્લાહના પૈગમ્બર હતા. તેમણે એક દિવસ અલ્લાહથી દુઆ કરીકે "ખુદાયા! મને એવી બાદશાહી અતા કર જેવી બાદશાહત બીજા કોઈને ન આપી હોય". અલ્લાહે તેમની દુઆ કબુલ કરી લીધી. કારણ કે ખુદા નબીની દુઆ જરૂર સાંભળે છે. અલ્લાહે તેમને બહુજ મોટી બાદશાહત આપી દીધી. એટલી મોટી બાદશાહી જેમા આદમી, પત્થર, આગ, પાણી, જીન્નાત, ઝાડ પાન, બધા તેની હુકુમત નીચે હતા. હ.સુલૈમાન તેઓને જે હુકમ આપતા તેઓ તરતજ હ.સુલૈમાનના હુકમનું પાલન કરતા. હ.સુલૈમાન પાસે એક તખ્ત (સિહાસન) હતુ જેનું નામ "બસાતે સુલૈમાની" હતુ. જેમાં ઘણા લોકો બેસી શકતા. હ.સુલૈમાનના હુકમથી હવા તેને ઉડાવીને લઈ જતી હતી.આપ પોતાના સાથીઓ સાથે મહીનાઓના સફરને મિનીટોમાં કરી શકતા. એક વખત હ.સુલૈમાન અલ્લાહથી કહેવા લાગ્યા કે, તે મને આટલી મોટી હુકુમત અતા કરી છે.તો મારૂં દિલ થાય છે કે, હું તારો શુક્ર બજાવી લાવું.કારણ કે આભાર માનવો નેક લોકોની ઓળખ છે. હુકમે ખુદા થયો અય સુલૈમાન! "તું મારી નેઅમતોનો શુક્ર અદા નહીં કરી શકીશ". હ.સુલૈમાને આજીઝી કરી.એટલે અલ્લાહે હ.સુલૈમાનની દરખાસ્ત મંજુર કરી.અને પુછવામાં આવ્યું કે તમે શું કરવા ચાહોં છોં? હ.સુલૈમાને કહ્યુઃ કે હું એક દિવસ તારી મખલુક ની દાવત કરવા ચાહું છુ. અને તેઓને જમાડવા ચાહું છું.અલ્લાહે ઈજાઝત આપી.હ.સુલૈમાને તમામ જીન્નાતને હુકમ આપ્યો કે, દરીયા કિનારે જયાં ખુલ્લુ મૈદાન હોય ત્યાં જમવાનો બંદોબસ્ત કરવામા આવે.ઘણા દિવસો સુધી સામાન ભેગો કરવામાં આવ્યો જયારે જમવાનો દિવસ આવી ગયો. ત્યારે સવારે એક માછલીએ દરીયા માંથી મોઢું બહાર કાઢયું. અને કહેવા લાગી, અય નબીએ ખુદા! હું બહુજ ભુખી છું મને જમવાનું આપો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હ.સુલૈમાને કહ્યુઃ કે હજી જમવાનો સમય નથી થયો. તે ચુપ થઈ ગઈ અને થોડા સમય પછી ફરી તેણે ભુખની જાહેરાત કરી. હ.સુલૈમાને જીન્નાતને હુકમ આપ્યો કે, તે માછલીને જમવાનુ આપી દેવામાં આવે. તે માછલીને થોડુંક જમવાનું આપવામાં આવ્યું. અને તેણે એકજ વારમાં બધુ જમી લીધું. અને ફરી માંગ્યુ ફરી જમવાનું આપવામાં આવ્યું. તે પણ ખાઈ ગઈ, અને ફરી માંગ્યુ જીન્નાતો આપતા રહયા, અને તે ખાતી રહી, એટલે સુધી કે ત્રીજા ભાગનો ખોરાક આ એક માછલી ખાઈ ગઈ. ત્યારે હ.સુલૈમાનને ખબર કરવામા આવી, કે અગર જો આ એક મછલીની આવી હાલત હોય તો બાકીની મખલુકનું શું થશે ?આ સાંભળી હ.સુલૈમાન સિજદામાં પડી ગયા. કહ્યુઃ ખુદાયા! આ તારૂંજ કામ છે.તારા સિવાય દુનિયાને બીજું કોઈ રોઝી નથી પહોંચાડી શકતું.


## સવાલ

(૧) હ.સુલૈમાન કોણ હતા ? અને તેણે અલ્લાહથી શું દુઆ કરી ?

(૨) હ.સુલૈમાનની બાદશાહી કોના-કોના પર હતી ?

(૩) હ.સુલૈમાને અલ્લાહનો શુક્ર કરવા માટે શું કર્યુ અને તેનું પરીણામ શું આવ્યું ?

(૪) હ.સુલૈમાને સિજદામાં જઈ અલ્લાહથી શું કહ્યુઃ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 15

# છેલ્લા નબી

અલ્લાહે એક લાખ ચોવીસ હજાર નબીયોમાંથી ત્રણસો તેર રસૂલ બનાવ્યા. અને આ ૩૧૩ રસૂલોમાંથી પાંચને ઉલૂલઅઝ્મ બનાવ્યા. દરેક મોટા રસૂલને ખુદાએ કિતાબ તથા શરીઅત આપી.

રસૂલ નબીથી બેહતર હોય છે અને ઉલૂલઅઝ્મ રસૂલ બીજા રસૂલોથી પણ બેહતર હોય છે અને સૌથી બેહતર આપણા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે.

આપણાં રસૂલને ખુદાએ કુરઆન જેવી મહાન કિતાબ આપી જે કયામત સુધી બાકી રહેનાર છે. ઈસ્લામ જેવો ધર્મ આપ્યો કે જેમાં દુનિયા તથા આખેરતની દરેક સારી-ખરાબ ચીઝો માટે માર્ગદર્શન મૌજૂદ છે. અહલેબૈત જેવા માસૂમ, અઝીઝ તથા સગાવ્હાલા આપ્યા જેઓ આપણા રસૂલ સિવાય દરેક નબીયોથી મહાન છે.

## સવાલ

૧. આપણા નબીનો મરતબો શું છે ?

૨. નબી, રસૂલ તથા ઉલુલઅઝમમાં કોણ બેહતર છે ?

૩. આપણા નબીને કયા કયા શરફ (શ્રેષ્ઠતા) મળેલ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 16

# ખાતમુલ અંબિયા

અય મોહમદ હબીબે ખુદા આપ હૈ, મુજતબા આપ હૈ મુસ્તફા આપ હૈ.

બાઈસે ખિલકતે અંબિયા આપ હૈ, વજહે તખલીકે અરઝો સમા આપ હૈ.

યેતો સમજા નહીં કોઈ કયા આપ હૈ, મુખ્તસર યે હે શાને ખુદા આપ હૈ.

આપ જીસકો મિલે હક્ક ઉસે મિલ ગયા, કયું ન હો અબ્દે ખાલિક નુમાં આપ હૈ.

આપકે બાદ કોઈ પયમ્બર નહીં, ઈસ લીએ ખાતમુલ અંબિયા આપ હૈ.

મુતમઈન આસીયો કા હૈ કલબે હઝીં, શાફએ એહલે રોઝે જઝા આપ હૈ.

આપસે પહેલે કોઈ ન થા જુઝ ખુદા,

અવ્વલ નકશે કિલકે કઝા આપ હૈ.

## સવાલ

(૧) હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.અલ્લાહના દોસ્ત છે.તે વાકય કવિતાના રૂપમાં લખો.
(૨) (બાઈસે ખિલકતે અંબિયા આપ હૈ, વજહે તખલીકે અરઝો સમાં આપ હૈ.) નો અર્થ જણાવો.
(૩) કોને હક્ક મળી ગયુ ? અને શા માટે ?
(૪) શા માટે હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ને ખાતમુલ અંબિયા કહેવામાં આવે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 17

## હોદૈબીયા

હોદૈબીયા મક્કા પાસેની એક જગ્યાનું નામ છે. ત્યાંની સુલેહ(સમાધાન) બહુજ મશહુર છે.ત્યાંની વાત છે. કે હિજરી સન ૬ માં રસૂલલ્લાહ સ.પોતાના થોડાક સાથીઓ સાથે હજના ઈરાદાથી મક્કા તરફ આવી રહ્યા હતા. ત્યારે કાફિરોએ આપનો રસ્તો રોકયો. તેઓને એમ લાગ્યું કે આપ મક્કા પર હુમલો કરવા આવી રહ્યા છો. આપે તેઓને ઘણા સમજાવ્યા.પણ તેઓ સમજયા નહી. છેવટે આપે હોદૈબીયા નામની જગ્યા પર તેઓ સાથે સુલેહ કરી લીધી.અને નકકી થયું,કે આ વર્ષે મુસલમાનો હજ કર્યા વગર ચાલ્યા જશે. અને આવતા વર્ષે જયારે હજ કરવા આવશે, ત્યારે હાજીઓ માટે મક્કા ખાલી કરી દેવામાં આવશે. અને આ દરમિયાન અગર કોઈ કાફિર મુસલમાનના હાથ લાગી જાય,તો મુસલમાનોએ તેને પાછો આપી દેવો પડશે, અને અગર કોઈ મુસલમાન કાફિરના હાથે લાગશે, તો પાછો નહી અપાય. સુલેહનો કાગળ હ.અલી અ.સ. લખી રહ્યા હતા.શરૂઆતમાં લખવામાં આવ્યુ કે,"મક્કા વાળાની રસૂલલ્લાહ સાથે સુલેહ" ત્યારે મક્કાના કાફિરો ભડકી ઉઠયા. અને કહેવા લાગ્યા કે,અમે અગરજો મોહમ્મદ ને રસૂલલ્લાહ માનતા હોત, તો આ લડાઈ જઘડો શા માટે હતો ? માટે રસૂલલ્લાહનો શબ્દ કાઢી નાખવામાં આવે હ.અલી અ.સ.મે કહ્યુઃ કે,હું આ શબ્દ કાગળ પરથી પણ નથી મીટાવી શકતો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ત્યાર પછી રસૂલે ખુદા સ.અ.વ.એ તે શબ્દ પોતાના હાથે તે કાગળ પરથી મીટાવી દીધો. અને તેની જગ્યાએ ઈબ્ને અબ્દુલ્લાહ લખી નાખ્યું. અને પછી હ.અલી અ.સ.એ આગળનું લખાણ પુરૂં કર્યું. સુલેહ પુરી થઈ રહી હતી કે, અમુક મુસલમાનો બોલી ઉઠયા કે, અમે કાફિરોથી તાકતમાં ઓછા નથી. અમારે સુલેહ નથી કરવી. ત્યારે રસૂલે ખુદા સ.અ.વ.એ તેઓને ઘણા સમજાવ્યા. પણ તેઓ રસૂલની વાતનો વિરોધ કરતા રહ્યા. એક બુર્ઝુગ કહેતા હતા કે, આજે મને રસૂલની રિસાલત પર એવો શક થાયો કે જેવો શક મને કોઈ દિવસ નથી થયો.

## સવાલ


(૧) હોદૈબીયા કઈ વસ્તુનું નામ છે અને ત્યા શું થયું હતું ?

(૨) હિજરી સન છ માં રસૂલે ખુદા સ.અ.વ. પોતાન સાથીઓ સાથે શા માટે મક્કા જઈ રહ્યા હતા.

(૩) સુલ્હમા શું નક્કી થયું ?

(૪) સુલ્હના કાગળ પર શું લખવામાં આવ્યુ હતુ કે કાફિરોએ વિરોધ કર્યો અને રસૂલે ખુદા સ.અ.વ.એ તેનો ઉકેલ કઈ રીતો કાઢયો ?

(૫) આ સુલ્હનો વિરોધ કોણ કરી રહ્યું હતું અને શા માટે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 18

## ગદીરે ખુમ

મક્કાના વિજય પછી પહેલી હજ હ.રસૂલે અકરમ સ.અ.વ.ની ઝિંદગીની છેલ્લી હજ છે. જેહી.સ. દસમાં થઈ હતી. જે એક ખાસ મર્તબો રાખે છે. આ હજમાં એક લાખથી વધારે મુસલમાનોએ ભાગ લીધો હતો. હજના આમાલ પુરા થવા પછી આપ મદીના તરફ રવાના થવા લાગ્યા, સહાબીઓ પણ આપની સાથે હતા. જયારે આ કાફલો ગદીરે ખુમના મૈદાનમાં પહોંચ્યો, ત્યારે હ.જીબ્રઈલ અલ્લાહ તરફથી પૈગાંમ લાવ્યા કે,"અય રસૂલ! (સ.અ.વ.)!જે વાત અમે તમને બતાવી ચુકયા છીએ, હવે તેનું એલાન કરી આપો".આપે હ.જીબ્રઈલને ફરમાવ્યું "મારી કૌમ આ વાત નહીં માને. અને તે વાત કરવાથી મને ખતરાનો એહસાસ થાય છે". હ.જીબ્રઈલ પાછા ગયા, અને થોડી વાર પછી ફરી પૈગામ લઈ નાઝીલ થયા.અને કહ્યુ:"તમે આ એલાન કરી આપો અલ્લાહ તમને લોકોના શરથી બચાવશે". આ સાંભળી આપે ઊંટોપર રાખવામાં આવતા પલાણ(કજાવા)નું મિમ્બર બનાવવાનો હુકમ આપ્યો. મિમ્બર તૈયાર થયું, અને બધા હાજીઓને બપોરના સમયે ગદીરના મૈદાનમાં ભેગા થવાનો પણ હુકમ આપ્યો.જે લોકો આગળ વધી ગયા હતા. તેને પાછા બોલાવ્યા,અને જે પાછળ રહી ગયા હતા, તેઓની રાહ જોવામાં આવી. જયારે સવા લાખ હાજીઓ ગદીરના મૈદાનમાં ભેગા થયા, ત્યારે આપે એક ખુત્બો બયાન કર્યો જેમાં આપે ફરમાવ્યું કે, થોડા વખતમાં હું તમારા વચ્ચેથી જઈ રહયો છું.અને પછી લોકોથી સવાલ કર્યો કે ,શું તમે મને તમારો હાકીમ સમજોછો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બધા લોકોએ જવાબ આપયો કે,બેશક! પછી આપે ફરમાવ્યું કે "જેનો હું હાકીમ છું, તેનો અલી અ.સ.પણ હાકીમ છે". આમ કહેતા હ.અલીને પોતાના બન્ને હાથો પર એટલા ઉચા કર્યા કે આપ સ.અ.વ. હ.અલી અ.સ.ની પાછળ છુપાય ગયા. તેનો મતલબ એમ હતો કે,જયારે હું ન રહું ત્યારે આ અલી તમારા ઈમામ રહેશે. આમ કહી મિમ્બર પરથી ઉતરી ગયા. અને બધાને હુકમ આપ્યો કે, હ.અલી અ.સ.ના હાથ પર બયઅત કરો.

અને તેમને આ મકામની મુબારકબાદી પેશ કરો. રસૂલે ખુદા સ.અ.વ.ના હુકમનું પાલન કરવા માટે બધા લોકો હ.અલી અ.સ.ના હાથ પર બયઅત કરવા માટે આવ્યા.જેમા સર્વ પ્રથમ અમુક ખાસ લોકોએ હ.અલી અ.સ.ને મુબારકબાદી પેશ કરી. અને કહ્યુ: કે અય અલી અ.સ.મુબારક થાય! મુબારક થાય! કે તમે મારા અને તમામ મોઅમેનીન અને મોઅમેનાતના હાકીમ બન્યા.

આ બનાવ અઢારમી ઝીલ્હજનો છે. માટે આ દિવસે આપણે જશ્ન મનાવીએ છીએ. મહફીલો કરીએ છીએ. નવા કપડા પહેરીએ છીએ.ખુશ્બુ લગાવીએ છીએ. એક બીજાને મુબારક બાદી પેશ કરીએછી એ. અને આ દિવસની ખાસ નમાઝ અને ઈદે ગદીરના આમાલ કરીએ છીએ. જે લોકોએ રસૂલે ખુદાસ.અ.વ.ના આ એલાનને ભુલાવી દીધું છે, અને આપની વફાત પછી હ.અલી અ.સ.ને છોડી બીજા લોકોને પોતાના હાકીમ બનાવી લિધા છે, તે લોકો આ દીવસે ખુશી નથી મનાવતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગદીરના મૌકા પર જયારે હ.અલી અ.સ.ની ખિલાફતનું એલાન કરવામાં આવ્યું,ત્યારે કુર્આનની આયત નાઝીલ થઈ કે, "આજના દિવસે દીન કામિલ થયો.અને નેઅમતો તમામ થઈ અને અલ્લાહ દીને ઈસ્લામથી રાઝી થયો".

આપણે આ ખુશીના મૌકા પર અલ્લાનો શુક્ર કરવો જોઈએ.અને ઈબાદત કરવી જોઈએ.અને હ.અલી અ.સ.ના હુકમ પ્રમાણે ઝીંદગી જીવવાની પ્રતીજ્ઞા કરવી જોઈએ.

## સવાલ

(૧) રસૂલે ખુદા સ.અ.વ.એ પોતાની ઝિંદગીની છેલ્લી હજ કયારે કરી ?

(૨) જીબ્રઈલ અલલાહ તરફથી શું પૈગામ લઈ નાઝીલ થયા ? અને રસૂલે ખુદા એ શું કહ્યુઃ ?

(૩) ગદીરે ખુમના મૈદાનમા કયો બનાવ બન્યો હતો અને કયા દિવસે ?

(૪) ખિલાફતના એલાન પછી કઈ આયત નાઝીલ થઈ હતી ?

(૫) ઈદે ગદીરના દિવસે આપણે શું કરવું જોઈએ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 19

# ઈમામના ગુણો

નબી પછી ધર્મને ચલાવવા માટે તથા તેને બચાવવા વાળાને ઈમામ કહેવાય છે. ઈમામનું કામ એ છે કે ધર્મની દરેક વાતને તેના મૂળ સ્વરૂપમાં બાકી રાખે તથા લોકોને ધર્મ તરફ લાવવા માટે પ્રયત્ન કરે.

ઈમામ માટે માસૂમ હોવું એટલું જ જરૂરી છે જેટલું કે નબી માટે જરૂરી છે. ઈમામ પણ નબીની જેમ બચપણથી દરેક બાબતમાં આલિમ હોય છે. ત્થા હલાલ અને હરામની પાબંદી કરે છે.

આપણાં ઈમામ બાર છે અને તેઓને અલ્લાહે આપણા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના ખલીફા તથા વારસદાર, જાનશીન બનાવ્યા છે અને તેઓ જ રસૂલની શરીઅતનું રક્ષણ કરવા માટે નીમાયેલા છે.

આપણાં નબી સૌથી બેહતર તથા મહાન છે અને બાર ઈમામ આપના ખલીફા તથા જાનશીન છે. તેથી બાર ઈમામ પણ આપણાં નબીની જેમ તમામ નબીયોથી બેહતર તેમજ મહાન છે.

## સવાલ

૧. ઈમામ કોને કહેવાય છે?
૨. ઈમામનું મઅસૂમ હોવું શા માટે જરૂરી છે?
૩. આપણાં ઈમામો નબીયોથી મહાન કેમ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 20

# યા અલી

હર મુસીબત કા સહારા યા અલી,
બેહરે ગમ કા હૈ કનારા યા અલી.
જબ સતાયા એહલે દુનિયાને હમે,
હમને ગભરાકર પુકારા યા અલી.
લોગ ચિડતે હૈ તો ચિડતેહી રહે,
હમકો તો હૈ દિલ સે પ્યારા યા અલી.
અપને દિલકા મુદઆ મૌલા કાનામ,
અપની આંખો કા હૈ તારા યા અલી.
કાંપતે હૈ અબભી તેરે નામ સે,
કબ્રમે જમશૈદો દારા યા અલી.
તેરીહી બરકત સે મૌલા આજ ભી,
જીતા હૈ હર ગમ કા મારા યા અલી.
આ ગયા હૈ તેરે કદમો કે તુફૈલ,
અવજ પર અપના સિતારા યા અલી.
જબ ફરીશ્તોને જગાયા કબ્રમે,
દિલને •ચિલ્લા કર પુકારા યા અલી.
બે કસો ઓર દર્દ મંદો કે લીએ,
હૈ તુમહારા હી સહારા યા અલી.

ગૈરો કો હોગા સહારા ગૈર કા,
ઔર હમારા હૈ સહારા યા અલી.

## સવાલ

(૧) હ.અલી અ.સ.આપણી કઈ કઈ જગ્યાએ મદદ કરે છે ?
(૨) આપણે આ ફાની જગતમાં કેવી રીતે જીવી રહ્યા છીએ ?
(૩) કવી પોતાની મેઅરાજનો એહસાસ કઈ જગ્યાએ કરે છે ?
(૪) હ.અલી અ.સ.જ આપણો સહારો છે. તે વસ્તુને કવી કઈ રીતે બયાન કરે છે ?
(૫) આપણે જયારે યા અલી કહીએ છીએ.ત્યારે લોકો નારાઁઝ થાય છે. તે કવી કઈ રીતે બયાન કરે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 21

## હઝરત સલમાન

હઝરત સલમાન એક એવા શહેરમાં પૈદા થયા હતા કે,જે શહેરનો દીને ઈસ્લામથી કોઈ સંબંધ ન હતો. હ.સલમાન ઉમ્રમાં રસૂલે ખુદા સ.અ.વ.થી મોટા હતા. જયારે રસૂલે ખુદા સ.અ.વ.એ નબુવ્વતનું એલાન કર્યું. અને લોકોને ખુદા તરફ બોલાવ્યા. હ.સલમાનને આ વાતની ખબર મળી, અને રસૂલે ખુદા સ.અ.વ.ને મળવાનો શોખ જાગ્યો.ત્યારે ઘરબાર છોડીને રસૂલે ખુદા સ.અ.વ.ની મુલાકાત માટે નીકળી પડયા(તે ઝમાનામા વાહનની વ્યવસ્થા ન હતી)જંગલ અને રણની મુશકેલીઓ સહન કરતા મક્કા પહોંચ્યા.અને રસૂલે ખુદા સ.અ.વ.ના સહાબીઓમાં દાખલ થઈ ગયા.સહાબી,રસૂલે ખુદા સ.અ.વ.ના સાથીઓને કહેવામાં આવે છ. આ સાથીઓમાં બે પ્રકારના મુસલમાનો હતા.અમુક લોકો દિલથી મુસલમાન થયા હતા.અને અમુક લોકો ફકત દેખાવ માટે રસૂલે ખુદા સ. પાસે આવતા હતા.અને અંદરખાને કાફિરો સાથે મળેલ હતા. હ.સલમાન તે ખાસ મુસલમાનો માંથી હતા, જેણે દિલથી ઈસ્લામ કબુલ કર્યો હતો. હ.સલામન હંમેશા રસૂલે ખુદા સ.અ.વ.સાથે રહેતા હતા.અને તેમના એહકામ પર અમલ કરતા હતા. તેમજ હ.અલી અ.ને પોતાના આકા અને મૌલા માનતા હતા. અને તેના દુશ્મનોથી નફરત કરતા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હ.સલમાનનાં સ્વભાવમાં એટલી સાદાઈ હતી, કે એક વખત તેમણે સહાબીએ રસૂલ જ.અબુઝરને જમવાની દાવત કરી.અને જમવામાં ફકત રોટલીસામે રાખી તો અબુઝરે કહ્યુ:કે,એ ભાઈ સલમાન! આ રોટલી સાથે નમક હોય તો વધારે સારૂ. જ.સલમાને કહ્યુ: જે સુફરા પર હાજર હોય તેમા અલ્લાહનો શુક્ર કરી જમી લેવુ જોઈએ. અને અગર તમારે નમક જોઈતુંજ હોય તો હું લાવી આપું.એટંલુ કહી જ.સલમાન બજારમા ગયા. અને પોતાનો માટીનો લોટો ગીરવી રાખી નમક લઈ આવ્યા.

'મદાએન' ઈરાકનું એક શહેર છે. જ્યાં જ.સલમાનને ગવર્નર (પ્રધાન) બનાવીને મોકલવામાં આવ્યા હતા. જયારે જ.સલમાન ત્યાં પહોચ્યાં ત્યારે તેમની પાસે ફકત એક ચટાઈ અને એક માટીનો લોટો હતો. તેના સિવાય તેમની પાસે દુનિયાની બીજી કોઈ ચીઝ ન હતી. જયારે લોકોએ આવો ગર્વનર જોયા તો હંસવાનું શરૂ કર્યુ ત્યારે હ.સલમાને બતાવી દિધું કે મારા આકા અને મૌલા હ.અલી અ.સ.બન્ને આલમના બાદશાહ હોવા છતાં, આટલીજ વસ્તુમાં ગુઝારો કરે છે. તો મને કયો અધીકાર પહોચે છે કે હું તેનાથી વધારે વસ્તું રાખું?

સહાબીઓમાં જ.સલમાનનો દરજ્જો એટલો બલંદ હતો, કે રસૂલે ખુદા સ.અ.વ.એ સલમાનને પોતાના ઘરવાળાઓમાં શામિલ કરી લિધા હતા. અને ફરમાવ્યું હતુ કે, ઈમાનના દસ દરજ્જા છે. અને સલમાન ઈમાનના દસમાં દરજ્જાની બલંદી પર પહોચેલ છે.

## સવાલ

(૧) હઝરતે સલમાન કોણ હતા ? અને તેણે કયો દરજ્જો હાંસીલ કર્યો હતો ?
(૨) હઝરતે સલામનનાં હઝરતે અબુઝર સાથેના બનાવનું વર્ણન કરો.
(૩) સહાબી કોને કહેવાય છે ? કેટલા પ્રકારના સહાબીઓ હતા ? કયા કયા ?
(૪) લોકો જ.સલામાન પર શા માટે હંસવા લાગ્યા ? અને જ.સલામને તેઓને શું જવાબ આપ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 22

# છેલ્લા ઈમામ

જેવી રીતે અલ્લાહે આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ને છેલ્લા નબી બનાવી એમના ઉપર નબુવ્વતને ખતમ કરી તેવી રીતે આપણા બારમાં ઈમામ હઝરત મોહમ્મદ મહદી આખેરૂઝ્ઝમાનને છેલ્લા ઈમામ બનાવ્યા છે. આપણા નબી પછી કોઈ નબી નથી તેવીજ રીતે બારમાં ઈમામ પછી કોઈ ઈમામ નથી.

બારમાં ઈમામ અ.સ. અલ્લાહના હુકમથી જીવતા છે અને આપણી નજરથી છુપાયેલા છે. જ્યારે અલ્લાહનો આદેશ થશે ત્યારે ઝાહિર થશે અને દુનિયા જે ઝુલ્મ તથા અન્યાયથી ભરેલી છે તેને ન્યાયથી ભરી દેશે.

ઈમામની ગયબતના ઝમાનામાં આપણા આલિમ ઈમામનું કાર્ય સંભાળે છે. આપણી ફર્ઝ છે કે તેઓના આદેશોનું પાલન કરવું, કેમ કે આલિમ ઈમામના આદેશોને બતાવે છે અને ઈમામનો આદેશ અલ્લાહ તથા રસૂલનો આદેશ છે.

## સવાલ

૧. આખરી ઈમામનું નામ શું છે?
૨. ઈમામ હાલમાં ગાયબ છે કે ઝાહિર?
૩. ઈમામ ઝાહિર થયા પછી શું કરશે?
૪. ઈમામની ગયબતના ઝમાનામાં આપણી શું ફર્ઝ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 23

# કયામત

મરી ગયા પછી એક દિવસ આવશે જ્યારે લોકોને ફરીથી જીવતા કરવામાં આવશે અને તે દિવસનું નામ કયામત છે અને તે દિવસે સારા કાર્યો માટે સવાબ મળશે અને ખરાબ કાર્યો માટે સઝા થશે.

જન્નત તે જગ્યા છે કે જ્યાં દરેક પ્રકારનો આરામ અને સુખની નેઅમતો હશે અને ત્યાં કોઈપણ જાતનું દુ:ખ અથવા મુશ્કેલી નહી હોય. જેના કાર્યો સારા હશે તે હંમેશા જન્નતમાં રહેશે.


દોઝખ તે જગ્યા છે જ્યાં દરેક પ્રકારનો અઝાબ હશે. દોઝખની દરેક ચીઝ ખાવું, પીવું, ઓઢવું, બીછાનું આગનું હશે. ખરાબ કામ કરનાર હંમેશા દોઝખમાં રહેશે.

## સવાલ

૧. કયામત કયો દિવસ છે ?

૨. જન્નત કેવી હશે ? અને ત્યાં કેવા માણસો રહેશે ?

૩. દોઝખ કેવી હશે ? અને ત્યાં કેવા માણસો રહેશે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 24

## જન્નત અને જહન્નમ

બચ્ચાઓ! તમે જોયું હશે કે દુનિયામાં ઘણા લોકો સારા સારા કામ કરે છે. જેમકે નમાઝ પઢે છે,રોઝા રાખે છે,વડીલોની ઈઝ્ઝત કરે છે,ગરીબોની મદદ કરે છે, યતીમોનો ખ્યાલ કરે છે,અને હલાલ રોઝી ખાય છે,અને અમુક લોકો હંમેશા બૂરાઈ કરે છે.ચોરી કરે છે,લુંટ માર કરે છે,શરાબ પીવે છે,ખોટું બોલે છે, બીજાની બૂરાઈ કરે છે,બીજાની ખામીઓ ગોતે છે,બીજાના ચાળા પાડે છે,કારણ વગર બીજાને પરેશાન કરે છે, નાચ ગીતના શોખીન હોય છે, ફિલ્મો જોવે છે, તો શું મરવા પછી આ બન્ને પ્રકારના લોકો સરખા થઈ જશે ? હરગીઝ નહીં! આપણો ખુદા ઈન્સાફ કરવાવાળો છે.અને દરેકને તેના અમલની સઝાઅને જઝા આપશે.જણે સારા કાર્યો કર્યા હશે,તેને જન્નત આપવામા આવશે.અને જેણે બૂરા કામો કર્યા હશે તેને જહન્નમમાં નાખવામાં આવશે.

જન્નત તે જગ્યીા છે જયા દરેક પ્રકારનો આરામ છે, દુધની નહેરો છે, છાંયો આપનાર જાડો છે. ડરેક પ્રકારના ફળો છે .આરામ અને સુકુન છે. ત્યા હૌઝે કૌસર છે . જેનું પાણી મધથી વધારે મીઠું અને દુધ થી વધારે સફેદ છે. જે કોઈ એક વખત પીવે તો કદી તેને તરસ લાગતી નથી. આ હોઝ પાસે તમામ મોમીનો હશે. અને હ.અલી અ.સ. પોતાના હાથે બધાને આ હૌઝથી પાણી પીવરાવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અનેજે લોકોએ રસૂલે ખુદા સ.અ.વ.ની વફાત પછી તેના દીનને ખરાબ કર્યો છે અને હઝરત અલી અ.સ.થી દુશ્મની કરી હતી. તેઓને આ હૌઝમાંથી એક ઘુંટ પાણી  પણ પીવા નહીં મળે.અને તરસ્યાંજ રહી જશે.જહન્નમ એક મુસીબતની જગ્યા છે જયા ફકત દુઃખ દર્દ છે. ત્યાં દરેક સમયે આગ ભડકતીહશે.એવી આગ જે કદી ખામોશ થતી નથી.તેમાં સાંપ વીંછી અને તેના જેવા બીજા જહેરીલા જાનવરો છે.જે આદમીઓને કરડતા રહેશે.જન્નત જહન્નમની મઝાક ઉડાવવી તે અલ્લાહની કુદરતની મઝાક ઉડાવ્યા બરાબર છે. અને તેના કારણે આદમી કાફિર થઈ જાય છે. અને અલ્લાહ તરફથી તેના પર સખ્ત અઝાબ થશે.

## સવાલ

(૧) સારા લોકો કેવા કામ કરે છે ?

(૨) બૂરા લોકો કેવા કામ કરે છે ?

(૩) કયામતના દિવસે શા માટે સારા અને ખરાબ લોકો સરખા નહીં હોય ?

(૪) જન્નત કેવી જગ્યા છે ? ત્યાં કેવા લોકો રહેશે ?

(૫) જહન્નમ કેવી જગ્યા છે ? અને ત્યાં કેવા લોકો રહશે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 25

# મોઅજીઝા

દુનિયાનો કોઈ પણ અક્કલવાળો માણસ કોઈની વાતને દલીલ વગર નથી માની શકતો. વાત કહેવાવાળાની ફર્ઝ છે કે તે પોતાની વાત મનાવવા માટે સાબિતી રજુ કરે અને દલીલ પણ એવી હોય જે તેની વાતને સારી રીતે સાબિત કરી આપે. અલ્લાહે તેના પયગમ્બરો તથા ઈમામોને તેટલા માટે જ મોઅજીઝા (ચમત્કાર) આપ્યા કે જેનાથી તેઓ પોતાની નબુવ્વત તથા ઈમામતને સાબિત કરી શકે. મોઅજીઝો તેને કહેવામાં આવે છે કે જેને કોઈ મનુષ્ય અલ્લાહની મહેરબાની વગર કરી શકતો નથી. મોઅજીઝા કોઈ સાધારણ મનુષ્ય માટે શકય નથી.

નબી તથા ઈમામ એટલા માટે મોઅજીઝા દેખાડે છે કે જેથી માણસને ખાત્રી થાય કે મોઅજીઝો દેખાડનાર નબી અથવા ઈમામ છે. તેઓ સામાન્ય મનુષ્ય નથી, પરંતુ અલ્લાહના ખાસ બંદા છે કે જેઓને અલ્લાહે ખાસ હિદાયત માટે મોકલ્યા છે અને તેટલા માટે અલ્લાહે મોઅજીઝાની ખાસ શકિત આપી છે.

## સવાલ

૧. મોઅજીઝો કોને કહેવાય છે ?

૨. મોઅજીઝાથી શું લાભ થાય છે ?

૩. મોઅજીઝાની જરૂરત કેમ પડે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 26

# કુરઆન

અલ્લાહની છેલ્લી કિતાબ છે કે જેને અલ્લાહે તેના છેલ્લા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની મોઅજીઝો બનાવી ઉતારી છે. તેમાં કુલ એકસો ચૌદ સૂરહ છે. દરેક સૂરહ બિસ્મિલ્લાહથી શરૂ થાય છે. ફકત બરાઅતના સૂરહમાં બિસ્મિલ્લાહ નથી. કુરઆને મજીદનું સંપૂર્ણ જ્ઞાન ફકત પયગમ્બર તથા તેના અહલેબયતની પાસે છે. તેના સિવાય બીજા કોઈ પાસે આખા કુરઆને મજીદનું જ્ઞાન નથી.

વુઝૂ કર્યા વગર કુરઆને મજીદના અક્ષરને હાથ લગાડવો હરામ છે. કુરઆને મજીદમાં ચાર આયતો એવી છે કે જેના પઢવાથી અથવા સાંભળવાથી તરત જ સજદા વાજિબ થઈ જાય છે.

આ કુરઆને મજીદ એટલી બુલંદ (ઉચ્ચ) કિતાબ છે કે જેનો જવાબ આજ સુધી આખી દુનિયા રજુ કરી શકી નથી અને કયામત સુધી કોઈ રજુ કરી શકે તેમ નથી.

## સવાલ

૧. કુરઆને મજીદ કોના ઉપર નાઝિલ થયું ?
૨. તેમાં કુલ કેટલા સૂરહ છે ?
૩. કુરઆને મજીદનું જ્ઞાન કોની પાસે છે ?
૪. કુરઆને મજીદના અક્ષરને હાથ લગાડવા માટે શું શર્ત છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 27

## કઅબા

કઅબા અરબ દેશના શહેર મક્કામાં અલ્લાહનું ઘર છે જેને જનાબે ઈબ્રાહીમ તથા જનાબે ઈસ્માઈલે અલ્લાહના હુકમથી લોકો માટે બનાવેલ છે. હાજી આ કઅબાનો તવાફ કરે છે. નમાઝ વખતે આજ કઅબાની તરફ મોઢું કરીને ઉભા રહેવામાં આવે છે. આપણા પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.) આ જ કઅબામાં પૈદા થયા હતાં.

જનાબે ઈબ્રાહીમના પછી કઅબામાં મૂર્તિઓ રાખવામાં આવી હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના સમય સુધી આ મૂર્તિઓ ત્યાં હતી, જયારે હ.રસૂલે મક્કા ઉપર વિજય મેળવ્યો ત્યારે તેઓએ ઈશારાથી કેટલીક મૂર્તિઓને પાડી દીધી તેમજ હઝરત અલીને પોતાના ખભા ઉપર ચઢાવીને અમૂક મોટી મૂર્તિઓને તેઓના હાથથી પડાવી નાખી.

કઅબાની અગાઉ બૈતુલ મુકદ્દસ મુસલમાનોનો કિબ્લો હતો. તેના પછી એક દિવસ નમાઝમાં કઅબા તરફ દિશા ફેરવવામાં આવી જે આજ સુધી બાકી છે.

આપણા છેલ્લા ઈમામ પણ કઅબા પાસે જ ઝાહિર થશે.

### સવાલ

૧. કઅબા કોણે બનાવ્યું ?
૨. મૂર્તિઓને કયારે તોડવામાં આવી ?
૩. કઅબા કયારે કિબ્લો બન્યું ?
૪. કઅબા પહેલા મુસલમાનો કઈ દિશા તરફ મોઢું રાખીને નમાઝ પઢતા હતા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 28

# કરબલા

બચ્ચાઓ! તમે તમારે ત્યાં કરબલા જોઈ હશે. આ કરબલા તે જગ્યાની યાદગાર છે,જયાં ઈમામ હુસૈન અ.સ.નો રોઝો છે. હ.ઈમામ હુસૈન અ.સ. આપણા ત્રીજા ઈમામ છે. રસૂલે ખુદા સ.અ.વ. ની વફાતના પચાસ વર્ષ પછી યઝિદ નામના માણસે આપના દીનને ખતમ કરવાની કોશિષ કરવા લાગ્યો, ઈમામ હુસૈન અ.સ. તેનો મુકાબલો કરવા માટે આગળ વધ્યા.આપની સાથે બોતેર  સાથીઓ હતા.અને યઝિદે હજારો માણસોનું લશ્કર ભેગુ કર્યુ હતું. કરબલામાં દસ મોહરમના રોજ  લડાઈ થઈ. ઈમામ હુસૈન અ.સ. તેમના બોતેર સાથીઓ સાથે શહીદ કરી દેવામાં આવ્યા. ત્યાંજ  તેમનો રોઝો છે.જયાં બધા લોકો ઝિયારત કરવા માટે જાય છે.અગર ઈમામ હુસૈન અ.સ ન હોત તો ઈસ્લામ ખત્મ થઈ જાત.ઈમામ હુસૈન અ.સ.ની સાથે એક છ મહીનાનુ બાળક પણ હતું. જેનું નામ અલી અસગર હતું. દુશ્મનોએ તે નાના બાળકના ગળા પર તીર મારી શહીદ કરી દીધું.અલી અસગર તીર ખાઈને જરાક મુસ્કુરાયા. અને આપણને સીખવી ગયા કે હક્ક વાત પર મરવાથી ડરવું ન જોઈએ. બલ્કે હંસીને જાન કુર્બાન કરી દેવી જોઈએ.

## સવાલ

(૧) કરબલા કઈ જગ્યાનું નામ છે? અને ત્યાં શું છે? લોકો કરબલા શા માટે જાય છે?
(૨) યઝિદ કોણ હતો અને તે શું ચાહતો હતો?
(૩) કરબલામાં શું થયું હતું?
(૪) અલી અસગર કોણ હતા? તેનાથી આપણને શું શીખ મળે છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 29

# અઝાદારી

ઈમામ હુસૈનની શહાદતની યાદગાર મનાવવાને અઝાદારી કહેવામાં આવે છે. અઝાદારીનો સિલસિલો આપણા મઅસૂમ ઈમામોએ શરૂ કર્યો. તેમાં મજલિસ, માતમ, જુલૂસ જેવી દરેક ગમની રસમો છે. સૌથી પહેલી મજલિસ જનાબે ઝૈનબે કૈદખાનામાંથી છુટીને કરી હતી, ત્યાર પછી આ ક્રમ દરેક દેશ અને દરેક ધર્મમાં ફેલાઈ ગયો.

આજે હિન્દુસ્તાનમાં એવા કેટલાક લોકો છે જેઓ મુસલમાન નથી, પરંતુ ઈમામ હુસૈનનો ગમ મનાવે છે.

મોહર્રમનો સમય અઝાદારી માટે ખાસ સમય છે. કેમ કે આજ મહીનાની દસમી તારીખે ઈમામ હુસૈન અ.સ. શહીદ થયા હતા.

અઝાદારીનો ક્રમ આપણા દેશમાં પહેલી મોહર્રમથી આઠમી રબીઉલ અવ્વલ સુધી રહે છે.

## સવાલ

૧. અઝાદારી કોને કહેવાય છે ?

૨. આ સિલસિલો ક્યારથી શરૂ થયો ?

૩. અઝાદારીનો સિલસિલો ક્યાંથી ક્યાં સુધી રહે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 30

## એક સરસ મજાનો વાર્તાલાપ

ઈમામ જાફરે સાદિક અ.સ.ના ઝમાનામાં મુસલમાનોના એક બહુજ મોટા આલિમ થઈ ગયા,જેમનું નામ અબૂ હનીફા હતુ. તેમનુ કહેવું હતું, કે ઈન્સાન પોતાના કામોમાં મજબૂર છે. બંદો જે કંઈ કરે છે, તે ખુદા કરાવે છે. બંદાથી કોઈ મતલબ નથી. ખુદા નમાઝ પઢાવે છે, તો બંદો નમાંઝ પઢે છે. ખૂદા ચોરી કરાવે છે, તો બંદો ચોરી કરે છે. ઈમામને જયારે આ વાતની ખબર મળી, ત્યારે આપે તેમનો સખ્ત વિરોધ કર્યો.અને કહ્યુઃ આવા અકીદા રાખવાથી,અલ્લાહને ઝાલિમ કહેવા બરાબર થયું. કારણ કે પોતેજ ચોરી કરાવે,અને પોતેજ સઝા આપે. અબૂ હનીફાએ નક્કી કર્યું કે,ઈમામ સાથે આ વિષય પર વાદ વિવાદ કરશે.આ વિચાર સાથે તે ઈમામના ઘરે આવ્યો. અને દરવાજો ખટખટાવ્યો.એક બાળકે દરવાજો ખોલ્યો. તે બીજું કોઈ ન હતું.પંરતુ આપણા સાતમુાં ઈમામ હ.મુસએ કાઝિમ અ.સ.હતા.આપે ફરમાવ્યું શું કામ છે ? અબૂ હનીફાએ કહ્યુઃ મારે તમારા પિતાજીથી કામ છે. તેમનાથી વાત કરવી છે. આપે પુછયું કેવી વાત ? અબૂ હનીફાએ કહ્યુંઃ તમે બાળક છો. તમારાથી શું વાત કરવી ? આપે ફરી કહ્યુંઃ કે નહીં મનેજ બતાવો,બચ્ચા અને બુઢાથી તમારે શું મતલબ ? તમે વાતતો કરો અબૂ હનીફાએ કહ્યુઃ કે, તેઓ દરેક ઈન્સાનને તેના અમલનો જવાબદાર બતાવો છો.જયારે મારૂં કહેવું છે કે,ઈન્સાનના અમલનો જવાબદાર ખુદા છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આ વિષે મારે તમારા પિતાજી સાથે વાદ વિવાદ કરવો છે. ઈમામ કાઝિમ અ.એ ફરમાવ્યું! આ બાબતની વાતચીત મારા પિતા સાથે પછી કરજો. પહેલા તમે મને મારી વાતનો જવાબ આપો. અબૂ હનીફાએ કહ્યુ: તે કંઈ વાત છે ? આપે ફરમાવ્યું, આ બાબતની ત્રણ સૂરતો છે. દરેક બૂરાઈ ભલાઈ ફકત ખુદા કરે છે. બંદા સાથે તેનો કોઈ સંબંધ નથી. અથવા અલ્લાહ અને ઈન્સાન બન્ને સાથે મળી બૂરાઈ-ભલાઈ કરે છે. અથવા તો બંદો પોતાના કાર્ય માટે પોતેજ જવાબદાર છે. અગર જો પહેલી સૂરત હોય તો કેટલો મોટો ઝુલ્મ છે કે ખુદા બૂરાઈ કરે, અને જહન્નમમાં બંદાઓને નાખે. અને અગર જો અલ્લાહ અને બંદો મળીને બૂરાઈ કરતા હોય, તો જરૂરી છે.

પહેલા ખુદા જહન્નમમાં જાય અને પછી આપણને સઝા આપે. જયારે કે આ બન્ને સૂરતો ખોટી છે. તો પછી એકજ સૂરત બાકી રહે, કે બંદો પોતાની બૂરાઈ માટે પોતેજ જવાબદાર છે. અગર નેક અમલ કરશે, તો સવાબ મળશે. અને બૂરાઈ કરશે, તો અઝાબ મળશે. આ વાત સાંભળી અબૂ હનીફાનો વિચાર બદલાય ગયો. અને "આપ સહી કહો છો. હવે મને કોઈ બીજાથી બહેસ કરવાની જરૂર નથી" આમ કહીં ત્યાંથી ચાલ્યા ગયા.

## સવાલ

(૧) અબૂ હનીફાનો અકીદો શું હતો ?

(૨) ઈમામ સાદિક અ.સ.એ અબૂ હનીફા ખીલાફ શું કહ્યું ?

(૩) ઈમામ કાઝિમ અ.સ.એ અબૂ હનીફાને કેવી રીતે સમજાવ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 31

# મઝહબના પાંચ હુકમ

પરવરદિગારે આલમે જે હુકમ પોતાના બંદાઓ માટે નક્કી કરેલ છે તે પાંચ પ્રકારના છે.

(૧) વાજિબ : તે કામ કે જેના કરવાથી સવાબ મળે અને ન કરવાથી અઝાબ થાય.

(૨) હરામ : તે કામ કે જેના કરવાથી અઝાબ થાય અને ન કરવાથી સવાબ થાય.

(૩) મકરૂહ : તે કામ કે જે ન કરવું બેહતર છે અને કરવાથી કોઈ અઝાબ ન થાય.

(૪) મુસ્તહબ : તે કામ કે જેને કરવામાં સવાબ છે અને ન કરવાથી કોઈ અઝાબ ન થાય.

(૫) મુબાહ : તે કામ જે કરવું અથવા ન કરવું બરાબર છે અને તેમાં કોઈ સવાબ તેમજ અઝાબ નથી.

## સવાલ

૧. વાજિબ કોને કહેવાય છે ?

૨. મુસ્તહબ કોને કહેવાય છે ?

૩. હરામ તથા મકરૂહમાં તફાવત બતાવો.

નોંધ : મઝહબના પાંચેય હુકમો ઉદાહરણ આપી બચ્ચાઓને સમજાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 32

## રોજનો હિસાબ

તમે જોયું હશે કે સમજદાર દુકાનદાર જયારે રાત પડે છે, ત્યારે દુકાન બંધ કરવા લાગે છે, ત્યારે તે જોવે છે, કે આજે કેટલો નફો થયો ? અને કેટલું નુકશાન થયું ? કઈ વસ્તુમાં ફાયદો થયો ? અને કઈ વસ્તુમાં ફાયદો ન થયો ? પંરતુ તમે કોઈ દીવસ વીચાર્યુ છે, કે આ બધુ શા માટે કરવામાં આવે છે ? ડુકાનદાર આ બધુ એટલા માટે કરે છે, કે તેની દીવસ ભરની મેહનત પાણીમાં ન જાય જે વસ્તુમાં નફો થયો છે, તેનો ધંધો વધારે કરે અને જે વસ્તુમાં નુકશાની જાય છે. તે વસ્તુના વેપારને છોડી દે. તો જયારે એક દુકાનદાર પોતાના સામાન્ય વેપારમાં એટલો બધો હિસાબ રાખે છે, તો શું આપણા માટે જરૂરી નથી, કે સુવા પહેલા આપણે પુરા દિવસનો હિસાબ કરીએ ? કે આપણે આપણા સમયથી કેટલો ફાયદો ઉઠાવ્યો ?અને કેટલો સમય નકામી વસ્તુમાં વેડફી નાખ્યો ? આપણે નમાઝ પઢી કે નહીં ? કપડા સાફ રાખ્યા કે નહીં ? ઘર વાળાને સલામ કરી કે નહીં ? ગરીબ મોહતાજને કઈ પૈસા આપ્યા કે નહીં ? સ્કુલે ગયા હતાકે નહીં ? સ્કુલેથી આવી લેશન કર્યુ કે નહીં ? ઘરની વસ્તુઓ બજારથી લાવી આપી કે નહીં ? ઘરવાળા અને પાડોશીઓને ખુશ રાખ્યા કે નહીં ? અગર આ કામો નથી કર્યા તો સમજીએ કે આજનો આખો દિવસ બેકાર ગયો, અને આપણો સમય ખરાબ થયો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માટે સુતા હોય ત્યાંથી ઉભા થઈ જાવ, અને જેટલું કામ બાકી હોય તે પુરૂં કરી નાખો. અને ત્યાર બાદ સુવો. નમાઝ બાકી હોય તો પઢી લઈએ, બ્રશ નથી કર્યું તો કરી લઈએ. અને મોકો હોય તો વઝુ કરીને સુવો. એટલા માટે કે જે માણસ રાત્રે વઝુ કરીને સુવે છે, તેનું પુરી રાત સુવું ઈબાદત ગણાય છે.

## સ્વાલ

(૧) દુકાનદાર દુકાન બંધ કરવા સમયે શું કરે છે? તેનાથી દુકાનદારને શું ફાયદો થાય છે?

(૨) રાતે સુવા પહેલા આપણે શું કરવુ જોઈએ? અને શા માટે તે કાર્ય કરવું જોઈએ?

(૩) અગર આપણા રોજના કામ બાકી રહી ગયા હોય તો શું કરવું જોઈએ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 33

# પરદો

જેવી રીતે મોતી માટે પેટી (સદફ)ની, ફૂલો માટે બાગની અને દાગીના માટે તિજોરીની જરૂર હોય છે. તેવીજ રીતે ઔરત માટે પરદો જરૂરી છે. ખુદાએ મર્દ અને ઔરત માટે અલગ અલગ કામ રાખ્યા છે. રોઝી કમાવવી મર્દનું કામ છે. અને ઘરનું કામ કરવું ઔરતનું કામ છે. જેવી રીતે બન્નેનું કામ અલગ અલગ છે. તેવીજ રીતે બન્નેની કામ કરવાની જગ્યા પણ અલગ અલગ છે. મર્દ ઘરની બહાર રહી રોઝી હાંસીલ કરશે. અને ઔરત ઘરમાં રહી ઘરનું કામ સંભાળશે. આ રીતે ઘરના અને બહારના કામ કાજનો હિસાબ બરાબર રહેશે. અગર ઓરત ઘરની બહાર નિકળી રોડ પર ફરવા લાગશે, તો પછી તેનો જીવ ઘરમાં નહીં લાગે. અને ઘરની હાલત બરબાદ થઈ જશે. બચ્ચાઓની સંભાળ લેનાર કોઈ નહીં રહે. અને ઘરનું બધું કામ નોકરોથી લેવામાં આવશે. અને નોકરો બચ્ચાઓથી એવી મોહબ્બત નહીં કરે જેવી મોહબ્બત માં-બાપને બચ્ચાઓથી હોય છે. તમે જોયું હશે કે ઘણી ઔરતો બચ્ચાઓને છોડી ઘરની બહાર ફરવા ચાલી જાય છે. તે ખરેખર બચ્ચાઓ પર ઝુલ્મ છે. હ. ફાતેમા ઝેહરા સ.અ. રસૂલે ખુદા સ.અ.વ.ની દિકરી હતા. પુરી દુનિયાનો કાબુ તેમના પાસે હતો. તેમ છતાં રસૂલે ખુદા સ.અ.વ.ની રજા વગર કદી ઘરની બહાર પગ નથી મુક્યો. આપણા માટે જરૂરી છે કે, તેમની ઈતાઅત કરીએ. હદીસમાં છે કે જયારે ઔરત પોતાના શૌહરની રજા વગર ઘરની બહાર નીકળે છે, ત્યારે ફરિશ્તાઓ તેના પર લાઅનત કરે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઓરત માટે જરૂરી છે, કે અગર મજબૂરીમાં પણ ઘરની બહાર નિકળવું પડેતો ચેહરાને ઢાંકી રાખે. અને પુરા શરીરને એવી રીતે છુપુ રાખ, કે કોઈ પરાયા મર્દની નઝર તેના પર ન પડે. કારણ કે બેપરદગી બહુજ મોટો ગુનાહ છે. અને મર્દ માટે પોતાની માં, બહેન, દીકરી, ફઈ, માસી, પત્ની, નાની અને દાદી સિવાય બીજી ઔરતને જોવું ગુનાહ છે. એ ન જૂઓ કે લોકો શું કરે છે? બલ્કે એ જૂઓ કે તમારા ઈમામે શું બતાવ્યું છે? લેકો તો શરાબ પણ પીવે છે. તો શું અલ્લાહ અને રસૂલના માનવાવાળા પણ શરાબ પીવા લાગશે?

## સવાલ

(૧) પરદો શા માટે જરૂરી છે?

(૨) અલ્લાહે મર્દ અને ઔરત માટે કયા કામ નક્કી કર્યા છે?

(૩) ઔરતોએ શા માટે બહારનું કામ શા માટે સંભાળવું ન જોઈએ?

(૪) ફરિશ્તાઓ ક્યારે ઔરત પર લાનત કરે છે?

(૫) મર્દ માટે કોને જોવું હરામ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 34

# મુલાકાત

હામિદ : મહમૂદ ભાઈ સલામુન અલૈકુમ.
મહમૂદ : આદાબ
હામિદ : આ આદાબ શું વસ્તુ છે ?
મહમૂદ : આ તમારા સલામનો જવાબ છે.
હામિદ : આ તમને કોણે બતાવ્યું ?
મહમૂદ : અમારે ત્યાં આવોજ રીવાજ છે.
હામિદ : ભાઈ શું સલામ પણ કોઈ રીત રીવાજની વસ્તુ છે ?
મહમૂદ : નહીં! આ તો ઈસ્લામી કાનૂન છે કે જયારે એક મોમીન બિજા મોમીનની મુલાકાત કરે તો પહેલા સલામ કરે અને પછી કલામ કરે.
હામિદ :જયારે ઈસ્લામે સલામ શિખવાડી છે.તો જવાબ દેવાની રીત પણ બતાવી હશે ?
મહમૂદ : હાં હાં! જરૂર બતાવી હશે. પરતુ મને નથી ખબર તમેજ બતાવો.
હામિદ : મને તમારા પર બહુજ ખુશી થાય છે,કે તમને જે વસ્તુની ખબર નથી તો તેનો

સવાલ કરવાને બુરૂ પણ નથી સમજતા. ઘણા લોકો તો પોતાની અજ્ઞાનતા

સ્વિકારતા નથી અને પોતાની વાત ઉપર બાકી રહેવાની ફઝીલત સમજે છે.

જૂઓ!"સલામુન અલૈકુમ"નો જવાબ છે "અલૈકુમ સલામ"

મહમૂદ : શું આ હંમેશાનો કાનૂન છે ?
હામિદ : નહીં નહીં! જયારે કોઈ નમાઝની હાલતમાં હોય અને તેને કોઈ સલામ કરે તો તે નમાઝ પઢનાર સલામુન અલૈકુમનો જવાબ સલામુન અલૈકુમ કહેશે.
મ્હમૂદ : અરે ભાઈ આતો રોજની વસ્તુ છે. શું જરૂર છે જવાબ દેવામાં આવે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હામિદ : અરે તૌબા! આ શું કહી દીધું. યાદ રાખો! સલામ કરવી સવાબનું કામ છે, પણ તેનો જવાબ દેવો વાજીબ છે. ભલે આદમી નમાઝ કેમ ન પડી રહયો હોય?

મહમૂદ : અગર ઓરત અથવા નાનું બાળક સલામ કરે તો?

હામિદ : જી હા તો પણ જવાબ દેવો જોઈએ.પણ શર્ત એ છે કે સલામ કરનાર મોમીન હોય,ગૈરે મોમીન ને સલામનો જવાબ દેવો વાજીબ નથી.

મહમૂદ : ખુબ ખુબ આભાર! તમારી મુલાકતથી હંમેશા ફાયદો થાય છે .

હામિદ : અરે તેમાં આભાર શેનો ? ન જાણનારને બતાવવું તે ઈસ્લામમાં જરૂરી છે.મેં તો ફકત મારી ઝીમ્મેદારી નીભાવી છે.

## સવાલ

(૧) મહમૂદે શા માટે હામિદના સલામનો જવાબ "આદાબ" આપ્યો ?

(૨) હામિદને મહમૂદની કઈ વાત પર ખુશી થઈ ?

(૩) નમાઝની હાલતમાં સલામનો જવાબ કઈ રીતે આપવો જોઈએ ?

(૪) કયા માણસને સલામનો જવાબ દેવો વાજીબ નથી ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 35

# હલાલ તથા હરામ

મઝહબ તથા શરીઅતે જે વસ્તુનો ઉપયોગ કરવાની રજા આપી છે તેને હલાલ કહેવામાં આવે છે અને જે વસ્તુઓનો ઉપયોગ કરવાની મનાઈ કરી છે તેને હરામ કહેવાય છે.

હલાલ તથા હરામ વસ્તુને ઓળખવું તથા હરામ વસ્તુથી બચવું બહુજ જરૂરી છે. દરેક નજિસ વસ્તુઓનું ખાવું-પીવું હરામ છે. જેવી કે પેશાબ, જાજરૂ, લોહી, શરાબ, કુતરા નજિસ છે, એટલે તેનું ખાવું-પીવું હરામ છે. પરંતુ દરેક પાક વસ્તુને ખાવી પીવી જરૂરી નથી, કે તે હલાલ હોય. જેવી કે માટી પાક છે, પરંતુ તેને ખાવી જાએઝ નથી. ફકત જરૂરત હોય અને બીમારી સારી કરવા માટે હઝરત ઈમામ હુસૈન અ.સ.ની કબ્રની માટી ખાવી જાએઝ છે.

## સવાલ

૧. હલાલ તથા હરામનો તફાવત શું છે?

૨. માટીને ખાવું કેવું છે?

૩. નજિસ વસ્તુને ખાવી-પીવી કેવી છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 36

# તકલીદ

ઈન્સાન જે વસ્તુને જાણતો નથી તે તેના જાણવાવાળા માણસ ઉપર ભરોસો રાખતો હોય છે. મકાન બનાવવા માટે કડીયાને બોલાવવામાં આવે છે તેમજ ખુરસી બનાવવા માટે સુથારને બોલાવાય છે. એવી જ રીતે મઝહબી અહકામને જાણવા માટે આલિમો પર ભરોસો રખાય છે. આલિમ પાસેથી મઝહબી હુકમો જાણવા અને તેના ઉપર અમલ કરવો તેનું નામ તકલીદ છે. તકલીદ મુજતહિદની કરાય છે. મુજતહિદ તે હોય છે કે જે કુરઆન તથા હદીસથી મઝહબના અહકામોને જાણે છે. તકલીદ માટે મુજતહિદનું નામ તથા સરનામું જાણવું પૂરતું નથી, પરંતુ તેના અહકામો ઉપર અમલ કરવો પણ જરૂરી છે.

## સવાલ

૧. તકલીદ કોને કહેવાય છે ?

૨. મુજતહિદ કોણ હોય છે ?

૩. શું તકલીદમાં મુજતહિદનું ફકત નામ જાણવું પુરતું છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 37
# હદસ અને ખબસ

પાકીઝગી બે પ્રકારની હોય છે.

(૧) તે પાકીઝગી જેમાં નિય્યત જરૂરી હોય છે. જેવી કે વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ. જો વુઝૂની નિય્યત કર્યા વગર કોઈ હાથ અથવા મોઢું ધોઈ લે અથવા ગુસ્લની નિય્યત વગર કોઈ ન્હાઈ લે તો તેના વુઝૂ અને ગુસ્લ નહીં થાય !

(૨) બીજી તહારત એ છે કે જેમાં નિય્યત જરૂરી નથી. જેવા કે કપડા પાક કરવા, શરીર પાક કરવું વગેરે. તેથી અગર કોઈ માણસ નદીમાં પડી જાય અથવા કોઈ કપડું હોઝમાં પડી જાય અને તેમાં લાગેલી નજાસત દૂર થઈ જાય તો તે પાક થઈ જશે અને તેને ફરીથી પાક કરવાની જરૂર રહેશે નહીં. જે કામો પછી નિય્યતવાળી તહારત કરવી જરૂરી છે તેને હદસ કહેવાય છે. જેવી કે સુઈને જાગ્યા પછી નમાઝ પઢવા માટે વુઝૂ કરવાનું હોય છે.

જે કામો પછી નિય્યત વગર તહારત પુરતી છે તેને ખબસ કહે છે. જેવી કે કપડામાં લોહી લાગી જાય, તેને પાક કરવું.

જે હદસ પછી વુઝૂ કરવાનું જરૂરી છે તેને હદસે અસગર કહેવાય છે અને જે હદસ પછી ગુસ્લ કરવું જરૂરી છે તેને હદસે અકબર કહે છે.

## સવાલ

૧. વુઝૂ કેવી પવિત્રાતા (તહારત) છે ?

૨. વગર નિય્યતે ગુસ્લ કરવું, ગુસ્લ ગણાશે કે નહીં ?

૩. હદસે અકબર કોને કહેવાય છે ?

૪. હદસ તથા ખબસમાં શું તફાવત છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 38
# તહારત અને નજાસત

કેટલીક ચીઝો પવિત્ર (પાક) છે જેમ કે પાણી, માટી, ઝમીન વગેરે. અને કેટલીક ચીઝો અપવિત્ર (નજિસ) છે જેવી પેશાબ, જાજરૂ, લોહી, મરેલું જાનવર, શરાબ, કુતરો, સુવ્વર વગેરે.

**પાક ચીઝના બે પ્રકાર છે :**

(૧) કેટલીક ચીઝો પોતે પાક હોય છે. પરંતુ બીજાને પાક કરી શકતી નથી. જેવી કે ગુલાબ, કેવડા, દૂધ, રસ વગેરે.

(૨) કેટલીક ચીઝો પોતે પાક હોય છે અને બીજાને પણ પાક કરી શકે છે. જેવી કે પાણી, માટી વગેરે.

**એવી જ રીતે નજિસ ચીઝો પણ બે પ્રકારની હોય છે.**

(૧) કેટલીક ચીઝો એવી નજિસ હોય છે કે જે પાક થઈ શકે છે. જેવા કે નજિસ કપડા, નજિસ વાસણ વગેરે.

(૨) કેટલીક વસ્તુ એવી નજિસ હોય છે કે જે પાક નથી થઈ શકતી, જેવી કે કુતરો, સુવ્વર વગેરે.

## સવાલ

૧. પાંચ પાક વસ્તુઓ કઈ છે ?

૨.જે વસ્તુઓ બીજી વસ્તુને પાક કરી શકે છે તેના દાખલા આપો.

૩. કઈ વસ્તુ કદી પણ પાક નથી થઈ શકતી ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 39
# પાણી

પાણી બે પ્રકારનું હોય છે.

(૧) **મુત્લક પાણી** : જેને ફક્ત પાણી કહેવાય છે.

(૨) **મુઝાફ પાણી** : એ છે કે જે કોઈ વસ્તુમાંથી રસરૂપે ખેંચી લેવામાં આવે, જેમકે તરબૂચનો રસ અથવા ગુલાબનો અર્ક, અથવા તો તેમાં એવી રીતે ભેળસેળ કરવામાં આવે કે તેને ચોખ્ખું પાણી ન કહી શકાય.

મુત્લક પાણી બીજી વસ્તુને પાક કરી શકે છે. મુઝાફ પાણી પોતે તો પાક હોય છે પરંતુ બીજાને પાક નથી કરી શકતું.

**મુત્લક પાણી ઘણા પ્રકારનું હોય છે :**

વરસાદનું પાણી, ઝરણાનું પાણી, નદીનું પાણી, વાવનું પાણી. મુત્લક પાણીથી દરેક વસ્તુ પાક થઈ શકે છે. મુત્લક પાણીથી વુઝૂ તથા ગુસ્લ થઈ શકે છે. મુઝાફ પાણી જેવું કે ગુલાબ, કેવડા વગેરેથી વુઝૂ - ગુસ્લ થઈ શકતા નથી અને તેનાથી કોઈ વસ્તુ પાક થઈ શકતી નથી.

## સવાલ

૧. મુઝાફ પાણી કોને કહેવાય છે ?

૨. વુઝૂ તથા ગુસ્લ કયા પાણીથી થઈ શકે છે ?

૩. કયુ પાણી વુઝૂ, ગુસ્લ તથા તહારતના ઉપયોગમાં લઈ શકાય નહીં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 40

# પેશાબ–જાજરૂના આદાબ

પેશાબ અથવા જાજરૂ કરતી વખતે કિબ્લા (કઅબા)ની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસવું હરામ છે. પેશાબ કર્યા પછી પાણીથી પાક કરવું જરૂરી (વાજિબ) છે. પાણી વગર પેશાબની તહારત થઈ શકતી નથી. પેશાબ કર્યા પછી કાગળ, કપડું અથવા ઢેલાથી લૂછવું પુરતું નથી. પરંતુ પાણીથી પાક કરવું જરૂરી છે. પેશાબ અથવા જાજરૂ કરતી વખતે એવી જગ્યાએ ન બેસવું કે જ્યાં કોઈ જોતું હોય.

ઊભા રહી પેશાબ કરવું ઘણુંજ ખરાબ છે. આપણા ઈમામોએ તેની સખત મનાઈ કરી છે.

ડાબા હાથે પાણી લેવું જોઈએ, જમણો હાથ અલ્લાહે જમવા માટે બનાવ્યો છે.

## સવાલ

૧. પેશાબ તથા જાજરૂ માટે શું શું જરૂરી છે?

૨. પેશાબ કર્યા પછી, તેની તહારત કેવી રીતે થાય છે?

૩. ઊભા રહી પેશાબ કરવું શા માટે ખરાબ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 41

# વુઝૂ

માણસ જ્યારે પણ નમાઝ માટે તૈયાર થાય ત્યારે વુઝૂ કરવું જરૂરી છે. વુઝૂ વગર નમાઝ પઢવી હરામ છે. વુઝૂ કરવાની રીત આ પ્રમાણે છે કે પહેલા નિય્યત કરે કે વુઝૂ કરૂં છું હું કુર્બતન એલલ્લાહ. આ રીતે નિય્યત મનમાં રહેવી બહુ જરૂરી છે. નિય્યત કર્યા પછી બંને હાથને કાંડા સુધી બે વખત ધુવો, તેના પછી ૩ વખત કોગળા કરવા અને ૩ વખત નાકમાં પાણી નાખવું. આ ત્રણે કામો સુન્નત છે, વાજિબ નથી.

નાકમાં પાણી નાખ્યા પછી મોઢાને વાળ ઉગવાની જગ્યાંથી ઠુડ્ડી (દાઢી) સુધી ધુઓ. પહોળાઈમાં કાન સુધી પાણી પહોંચાડવું વધુ સારૂ છે. મોઢું ધોયા પછી જમણા હાથને કોણીથી આંગળીના છેડા સુધી ધુઓ. ત્યાર પછી ડાબા હાથને તે જ પ્રમાણે ધુઓ. બંને હાથને ધોયા પછી જે પાણી હથેળીમાં બચ્યું હોય તેમાં બીજુ પાણી મેળવ્યા વગર જમણા હાથની આંગળીઓથી માથાના આગલા ભાગનો મસહ કરો ત્યાર પછી જમણા હાથની હથેળીથી જમણા પગના અને ડાબા હાથની હથેળીથી ડાબા પગના મસહ કરો. મસહ પગની આંગળીઓથી પોંચા સુધી કરવા જોઈએ. માથા તથા પગના મસહ એક એક આંગળીથી કરો તો પણ પુરતું છે. પરંતુ ૩ આંગળીથી માથાનો મસહ કરવો અને પગનો મસહ પુરા હાથથી કરવું ઉત્તમ છે.

## સવાલ

૧. વુઝૂની નિય્યત શું છે ?

૨. વુઝૂમાં મોઢું ક્યાંથી ક્યાં સુધી ધોવું જોઈએ ?

૩. મસહ શેનાથી કરાય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 42
# ગુસ્લ

ગુસ્લ બે પ્રકારના છે.

(૧) કેટલાક ગુસ્લ વાજિબ હોય છે. જેવા કે મય્યતને ગુસ્લ આપવું તેમજ મય્યતને અડવાથી ગુસ્લ વાજિબ થઇ જાય છે, વગેરે.

(૨) કેટલાક ગુસ્લ સુન્નત હોય છે, જેવા કે જુમ્આના દિવસનું ગુસ્લ ઝિયારતનું ગુસ્લ, વગેરે.

ગુસ્લ કરવાની બે રીત છે :

(૧) **ગુસ્લે તરતીબી :** તેમાં પહેલા નિય્યત કરવામાં આવે છે કે હું ગુસ્લ કરૂં છું કુર્બતન એલલ્લાહ. ત્યાર પછી માથું તથા ગરદનને ધોવું. માથું તથા ગરદન ધોયા પછી બદનના અર્ધા જમણા ભાગને ગરદનથી પગ સુધી ધોવું અને પછી તેજ પ્રમાણે ડાબો ભાગ ધોવો જોઇએ.

(૨) **ગુસ્લે ઈરતેમાસી :** આમાં નિય્યત કરીને પાણીમાં પૂરી તરહ ડુબકી મારવાની હોય છે.

શુક્રવાર હોય અને ઝિયારત પણ કરવી હોય તો દરેકને માટે એકજ ગુસ્લ પુરતું છે. અલગ અલગ ગુસ્લની જરૂર નથી.

## સવાલ

૧. ગુસ્લે તરતીબી કેવી રીતે થાય છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 43

# તયમ્મુમ

વુઝૂ અથવા ગુસ્લ કરનારને જો પાણી ન મળે અથવા બીમારી વગેરેના કારણથી પાણીનો વપરાશ નુકસાનકારક હોય અથવા નમાઝને માટે વુઝૂ અથવા ગુસ્લ કરવા જવાથી નમાઝ કઝા થવાનો ભય હોય તો વુઝૂ અથવા ગુસ્લને બદલે તયમ્મુમ કરવું જોઈએ.

તયમ્મુમ ફકત માટી અથવા પત્થર ઉપર થઈ શકે છે, અગર તે વસ્તુ ન મળે તો ધૂળ ઉપર તયમ્મુમ કરી શકાય છે.

તયમ્મુમ કરવાની રીત એ છે કે પહેલા નિય્યત કરે કે તયમ્મુમ કરૂં છું હું વુઝૂ અથવા ગુસ્લને બદલે કુર્બતન એલલ્લાહ. નિય્યત કર્યા પછી બંને હાથોને ભેગા કરી માટી ઉપર મારો, પછી હાથોને ખંખેરી પહેલે બંને હાથોની હથેળીને પુરી પેશાની ઉપર ફેરવો. પછી ડાબા હાથની હથેળીને જમણા હાથના પોંચાથી આંગળી સુધી ફેરવો. પછી તે જ પ્રમાણે જમણો હાથ ફેરવો. પછી બંને હાથ માટી પર મારે અને ફકત બંને હાથના મસહ કરે. અગર હાથમાં છલ્લો અથવા વીંટી વગેરે હોય તો તેને વુઝૂ; ગુસ્લ તથા તયમ્મુમ કરતી વખતે ઉતારી નાખવી જોઈએ. નહિ તો વુઝૂ, ગુસ્લ અથવા તયમ્મુમ બરાબર થશે નહીં.

નમાઝનો વખત પસાર થયા પછી અગર પાણી મળી જાય તો તયમ્મુમથી પઢેલી નમાઝ ફરીથી પઢવાની જરૂર નથી.

## સવાલ

૧. તયમ્મુમ કયારે કરવું જોઈએ ?

૨. તયમ્મુમ કઈ વસ્તુ પર કરી શકાય ?

૩. તમારા મોઅલ્લીમને તયમ્મુમ કરી દેખાડો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 44
# નમાઝનો વખત

સુબ્હની નમાઝનો વખત સવાર થાય ત્યારથી સૂરજ નીકળે ત્યાં સુધી છે.

ઝોહર તથા અસરની નમાઝનો વખત બપોરના સમયે સૂરજ ઢળે (મધ્યાહ્ન)થી ઢળેથી લઈને સૂરજના ડૂબવા સુધી છે. પહેલા ઝોહરની નમાઝ પઢાશે તેના પછી અસરની.

મગરિબ તથા ઈશાંની નમાઝનો વખત સૂરજ ડૂબ્યા પછી આસમાન ઉપર પૂર્વ દિંશામાં જે લાલાશ દેખાય છે, એ માથા ઉપરથી પસાર થઈ જાય (લાલાશ દેખાતી બંધ થઈ જાય) ત્યારથી શરૂ થઈ અર્ધી રાત સુધી છે. પરંતુ આ વખતે પહેલા મગરિબની નમાઝ પઢો. પછી ઈશાંની પઢો. જુમ્આની નમાઝનો વખત ઝોહરના અવ્વલ વખતથી શરૂ થાય છે, જો એથી મોડું થઈ જાય તો નમાઝે જુમ્આનો સમય બાકી રહેતો નથી.

ઈદની નમાઝનો વખત સૂરજ નિકળ્યાથી સૂરજ ઢળે તેના પહેલા સુધી રહે છે.

દરેક નમાઝને તેના સમય દરમિયાન પઢવી જરૂરી છે. જાણીબુજીને નમાઝને છોડવી અથવા કઝા કરવી હરામ છે.

## સવાલ

૧. સુબ્હની નમાઝ કયારે કઝા થાય છે ?
૨. નમાઝને તેના વખત પછી પઢવું કેવું છે ?
૩. ઈદની નમાઝનો વખત શું છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 45

# સજદગાહ

## ( સજદો કરવાની જગ્યા)

સજદો ફક્ત ઝમીન ઉપર અથવા ઝમીન ઉપર ઉગવાવાળી એવી ચીઝ ઉપર કરવો જોઈએ કે જે ખાઈ અથવા પહેરી શકાતી ન હોય.

માટી, પત્થર, લાકડું, ચટાઈ અને કાગળ ઉપર સજદો કરવો જાએઝ છે અને ખાઈ શકાતા ફળો, પત્તા અને કપડા ઉપર સજદો કરવો નાજાએઝ છે.

સજદો ફક્ત પાક ચીઝ ઉપર હોવો જોઈએ. નજિસ ચીઝ ઉપર સજદો કરવો જાએઝ નથી. કરબલાની માટી ઉપર સજદો કરવામાં વધારે સવાબ છે. શિયા લોકો કરબલાની માટીની સજદગાહ (મોહર) તેઓની પાસે રાખે છે અને તેના ઉપર સજદો કરે છે. તેમાં સવાબ પણ વધારે છે.

## સવાલ

૧. કેળાના પત્તા તેમજ પાન ઉપર સજદો કરવો જાએઝ છે કે નહીં?

૨. લાકડું તેમજ ચટાઈ ઉપર સજદો કરવો શા માટે જાએઝ છે ?

૩. કરબલાની સજદગાહ ઉપર સજદો શા માટે થાય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 46
# નમાઝની રીત

નમાઝ પઢવા વાળાએ પાક કપડા પહેરીને વુઝૂ કરીને કિબ્લા તરફ મોઢું કરીને ઊભા રહી નિય્યત કરવી કે સુબ્હની બે રકઅત નમાઝ પઢું છું કુર્બતન એલલ્લાહ. નિય્યત કર્યા પછી તરત જ **અલ્લાહો અકબર** કહેવું. પછી સૂરા **અલહમ્દ** અને બીજો એક સૂરો પઢી રૂકૂઅમાં જવું.

રૂકૂઅમાં ગયા પછી ઓછામાં ઓછું એક વખત **'સુબ્હાન રબ્બેયલ અઝીમે વ બેહમ્દેહ'** કહી ઉભા થવું. ઉભા થયા પછી **'સમે અલ્લાહો લેમન હમેદહ' 'અલ્લાહો અકબર'** કહી સજદામાં જવું અને માટી ઉપર કપાળ (પેશાની) રાખી ઓછામાં ઓછું એક વખત **'સુબ્હાન રબ્બે યલ અઅલા વ બેહમ્દેહ'** કહી માથું ઉંચુ કરી બેસી જવું અને **'અલ્લાહો અકબર' 'અસ્તગફિરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલયહ'** પછી **'અલ્લાહો અકબર'** કહી બીજા સજદામાં જવું અને ફરીથી **'સુબ્હાન રબ્બે યલ અઅલા વ બેહમ્દેહ'** કહી માથું ઉઠાવવું. માથું ઉઠાવીને બેસવું. પછી **'અલ્લાહો અકબર'** કહેવું.

અને પછી **'બેહવલિલ્લાહે વકુવ્વતે હી અકુમો વ અકઉદ'** કહેતા કહેતા ઉભા થઇ જવું. અને અલહમ્દ તથા એક સૂરો પઢીને કુનૂત પઢવી. કુનૂતમાં મોઢાની સામે બે હાથ ઉઠાવીને દોઆએ કુનૂત પઢવી જોઈએ. અને જો આ દોઆ યાદ ન હોય તો ઓછામાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઓછું સલવાત પઢવી. દુઆના પછી રૂકૂઅમાં જવું અને પહેલી રકઅતની જેમ રૂકૂઅ તથા સજદો પૂરો કરે. તેના પછી બેસીને આવી રીતે તશહુદ પઢવું : "અશહદો અલ્લા ઈલાહા ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીકં લહૂ વ અશહદો અન્ન મોહમ્મદન અબ્દોહુ વ રસૂલોહ, અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહમ્મદિંવ આલે મોહમ્મદ."

પછી આ પ્રમાણે સલામ પઢે :

**'અસ્સલામો અલૈયક અય્યોહન્નબિય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'**

**'અસ્સલામો અલયના વ અલા એબાદિલ્લાહિસ્સાલેહીન'**

**'અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'**

અગર નમાઝ ૩ અથવા ૪ રકાત વાળી હોય તો તશહુદ પઢયા પછી સલામ ન પઢવી, પરંતુ ઉભા થઈ જવું. ત્રીજી અથવા ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા (સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વ લાઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર) પઢવું જોઈએ. તેના પછી રૂકૂઅ, સજદો, તશહ્હુદ, સલામ પહેલાની જેમ પઢી નમાઝને પૂરી કરે.

## સવાલ

૧. નમાઝ યાદ કરી સંભળાવો.

૨. નમાઝ પઢીને દેખાડો.

૩. દુઆએ કુનૂત, તશહ્હુદ તથા સલામ સંભળાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 47

## તબલીગ

પ્યારા બચ્ચાઓ! દીને ઈસ્લામે આપણને જે વાતોનો હુકમ આપ્યો છે. તેમાંથી એક આ પણ છે,કે લોકોને સારો રસ્તો દેખાડો.અને અગર તેઓ બૂરાઈમાં સપડાએલા છે, તો તેઓને બૂરાઈથી બહાર કાઢી અને સીધા રસ્તા પર લગાડો. ઘણા લોકો કહે છે, આ બધુ કામ મૌલવી લોકોનું છે.આપણાથી આ વસ્તુનો કોઈ સંબંધ નથી.જે એક મોટી ભુલ છે.હકિકતમાં આ કામ દરેક મુસલમાન ઉપર વાજીબ છે.અગર આપણે મુસલમાન છીએ તો આપણી પણ ફરજ છે, કે લોકોને બૂરાઈઓથી અટકાવી તેને સારા રસ્તા તરફ લાવીએ. ઘરમાં અગર કોઈ નમાઝ ન પઢતું હોય, તો તેને સવારે જગાડી નમાઝ પઢવા કહેવું જોઈએ. માહે રમઝાનમાં બધાને રોઝા રખાવવા જોઈએ. અગર કોઈ મસ્જીદમાં જતું ન હોય તો તેને મસ્જીદમાં લઈ જવું જોઈએ. અગર કોઈ ગરીબોનો હક્ક નથી આપતો, તો તેને અપાવવો જોઈએ. અગર કોઈ બીજાની બૂરાઈ કરતો હોયતો, તેને અટકાવવો જોઈએ. ખોટું બોલનારને રોકવો જોઈએ.અગર કોઈ બીજાને પરેશાન કરતું હોય તો, તે બિચારાનો સાથ આપવો જોઈએ.પંરતુ આ કામ માટે લડાઈ-જગડો ન કરવો, પંરતુ પ્યારથી સમજાવવો જોઈએ.અગર તે માની ગયો,તો બન્નેને સવાબ મળશે,અને અગર ન માને, તો પણ આપણને તો સવાબ મળશે જ. તમે સાંભળ યુ હશે કે,ઈમામ હસન અ.સ.અને ઈમામ હુસૈન અ.સ.રસ્તા પર જઈ રહ્યા હતા, ત્યાં એક ઘરડો માણસ વઝુ કરી રહ્યો હતો.તેનું વઝુ સહી ન હતું. બન્ને ભાઈઓ બેસી ગયા. અને તે ઘરડા માણસને કહેવા લાગ્યા. કે દાદા અમે વુઝુ કરીએ છીએ, તમે અમારૂં વુઝુ તપાસો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અમારામાંથી કોનું વુઝુ સહી છે ? આમ કહી બન્ને ભાઈઓએ વુઝુ કરવાનું શરૂ કર્યુ. તે બુઝુર્ગ માણસ સમજી ગયો, કે આ બન્ને ભાઈ ચાહે છે કે મને સહી વુઝુ કરતા શીખવાડે. ત્યારે તે માણસ ખુશ થઈ બોલી ઉઠયો, બચ્ચાઓ ! તમારૂજ વુઝુ સાચું છે, અને મારીજ ભુલ હતી. હું તમારા આ અખ્લાક પર દિલો જાનથી કુરબાન છું.

જૂઓ! અગર આ બન્ને ભાઈઓ તેને ખિજાઈને વાત સમજાવવા કોશિષ કરત, તો તે બુઝુર્ગ માણસ કદી તેઓની વાત કબુલ ન કરત. પરંતુ તે બન્ને ભાઈઓએ તેની બુઝુર્ગીનો ખ્યાલ કરી તેને સમજાવ્યો. ત્યારે તેણે ખુશીથી માની લીધુ. પંરતુ એ વાત જરૂર ધ્યાનમાં રહે કે જે વસ્તુ સમજાવી રહ્યા છો તે બરાબર છે કે, નહીં કયાંક એવું ન બને કે, બિજાને ખોટું શીખવાડી દયો. જેમકે ઘણા લોકોની આદત હોય છે, કે પોતે તો જાણતા નથી. અને બિજાને સમજાવવા માટે બેચૈન રહેતા હોય છે. બિજાને કોઈ વાત સમજાવતા પહેલા પોતે તેના પર અમલ કરો. જેથી તમારી વાતનો વધારે અસર થાય.

## સવાલ

(૧) મુસલમાનની ફરજ શું છે ?

(૨) બે વ્યક્તિ લડાઈ કરતા હોય તો આપણે શું કરવું અને તેનાથી કોને ફાયદો પંહોચે છે ?

(૩) ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. એ તે ઘરડા માણસને વુઝુ કરતા કેવી રીતે શખિવાડયું ?

(૪) કોઈને સારી વસ્તુ શીખવાડતા પહેલા કઈ વસ્તુનો ખયાલ રાખવો જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 48

# નમાઝના આદાબ

નમાઝ પઢવાવાળાએ નમાઝ વખતે એવી રીતે ઉભા રહેવું જોઈએ કે તે ખુદાની સામે ઊભો છે. નમાઝમાં ડાબી-જમણી બાજુ જોવું જાએઝ નથી.

નમાઝ વખતે હસવું અને રોવું પણ જાએઝ નથી. હા અગર ખુદાના ડરથી આંસુ નીકળી જાય તો એનાથી સારી કોઈ બીજી ચીઝ નથી.

નમાઝમાં વાત કરવી હરામ છે. જ્યાં સુધી નમાઝ રહે ત્યાં સુધી ફક્ત નમાઝના કાર્યોને અંજામ આપતા રહેવું જોઈએ. હાં અગર કોઈ નમાઝ વખતે સલામ કરે તો તેનો જવાબ જરૂર આપવો જોઈએ. નમાઝમાં **સલામૂન અલયકુમ**નો જવાબ **સલામૂન અલયકુમ** હોવો જોઈએ. **અલયકુમ અસ્સલામ** નહીં કહેવું જોઈએ.

નમાઝ વખતે આદાબ અર્ઝ વગેરેનો જવાબ નહીં આપવો જોઈએ.

## સવાલ

૧. નમાઝ પઢતી વખતે હસવાથી નમાઝ સહીહ રહેશે કે નહીં ?

૨. નમાઝ પઢતી વખતે સલામનો જવાબ કેવી રીતે આપવો જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 49
# રોઝા

રમઝાન મહિનાનો ચાંદ જોયા પછી દરેક મુસલમાન મર્દ તથા ઔરત ઉપર રોઝો વાજિબ થાય છે. રોઝો સવારની અઝાનથી શરૂ થઈ મગરિબની અઝાન સુધી રહે છે.

જાણીબુજીને રોઝા ન રાખવાવાળાએ પછીથી કઝા રોઝા કરવા પડશે અને એક રોઝાને બદલે સાંઈઠ સાંઈઠ રોઝા રાખવા પડશે અથવા ૬૦ ગરીબોને ખાણું ખવરાવવું પડશે, નાબાલિગ બચ્ચાંઓ ઉપર રોઝા વાજિબ નથી, પરંતુ તેઓએ પણ રોઝા જરૂર રાખવા જોઈએ, તેમાં તેઓ માટે ફાયદો છે અને તેના મા-બાપ માટે પણ સવાબ છે.

બીમાર તથા મુસાફિર ઉપર રોઝા જરૂરી નથી. પરંતુ પછી રાખવા પડશે. રોઝા રાખીને ખાવું પીવું અથવા પાણીમાં માથું ડૂબાડવું હરામ છે.

રોઝાની નિય્યત છે કે "રોઝો રાખું છું હું માહે રમઝાનનો કુર્બતન એલલ્લાહ."

## સવાલ

૧. રોઝા કયારથી કયાં સુધી રહે છે ?

૨. જાણીબુઝીને રોઝો છોડનારને શું કરવું પડશે ?

૩. રોઝાની નિય્યત શું છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 50

# હજ

હજ ફકત તે લોકો ઉપર વાજિબ છે કે જેઓ બાલિગ, અક્કલવાળા તથા આઝાદ હોય અને હજનો ખર્ચ પણ ભોગવી શકતા હોય. નાબાલિગ, પાગલ, ગુલામ તથા ગરીબ માણસ ઉપર હજ વાજિબ નથી. હજ ઝિંદગીમાં ફકત એક જ વખત વાજિબ હોય છે. વાજિબ હજ બજાવ્યા પછી કોઈ બીજી વાજિબ હજ રહેતી નથી.

ઈમામ જાઅફર સાદિક અલયહિસ્સલામથી ઈર્શાદ છે કે જે શખ્સ ઉપર હજ વાજિબ હોય અને તે હજ બજાવ્યા વગર મરી જાય તો તે મુસલમાન નથી મરતો. પરંતુ યહૂદી અથવા ઈસાઈ તરીકે મરે છે.

મરવાવાળાથી સાચી મોહબ્બત એ જ છે કે અગર તેના ઉપર હજ વાજિબ હોય તો તેના તરફથી હજ કરાવવી જોઈએ.

## સવાલ

૧. હજ કર્યા વગર મરનારનું મૌત કેવું થાય છે ?

૨. પાગલ ઉપર હજ વાજિબ છે કે નહીં ?

૩. હજ ઝિંદગીમાં કેટલી વખત વાજિબ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 51
# ઝકાત

ઝકાત દસ (૧૦) ચીઝ ઉપર વાજિબ થાય છે. ઘઉં, જવ, ખજૂર, દ્રાક્ષ, સોનુ, ચાંદીના સિક્કા, ઊંટ, ગાય, ઘેટાં-બકરા, વેપારનો માલ.

તે સિવાય દાગીના, નોટ, ચણા, ચોખા; દાળ વગેરે ઉપર ઝકાત વાજિબ નથી.

ઝકાત વાજિબ થવા માટે એટલું જરૂરી છે કે માલ એટલો હોવો જોઈએ. કે જેથી ઝકાત વાજિબ થઈ શકે. ઘઉં તથા જવ, ખુરમા, દ્રાક્ષ ૮૪૭ કિલો કે વધારે હોય તો તેના ઉપર ઝકાત વાજિબ થાય છે. સોના ચાંદી ઉપર ઝકાત ૪૦મો ભાગ છે. ઘઉં, જવ વગેરે ઉપર ઝકાત તેની પયદાવાર ઉપર છે.

જો ખેતી સિંચાઈ વગર થાય તો માલનો ૧૦મો હિસ્સો ઝકાત તરીકે દેવાનો રહેશે. અગર સિંચાઈ કરવી પડી હોય તો માલનો વીસમો હીસ્સો ઝકાતમાં આપવો જોઈએ.

## સવાલ

૧. ચાલીસમો ભાગ કઈ ચીઝની ઝકાત છે ?

૨. ઘઉં, જવ કેટલા હોવા જોઈએ કે જેથી તેના ઉપર ઝકાત વાજિબ થાય ?

૩. જવ તથા ઘઉં ઉપર કેટલી ઝકાત આપવી જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 52
# ખૂમ્સ

ખૂમ્સ સાત વસ્તુઓ ઉપર વાજિબ છે.

(૧) વરસની બચત, (૨) ખઝાના, (૩) ખાણ, (૪) હલાલ માલ જેમાં હરામ માલ મળી જાય તથા હરામ માલની રકમની ખબર ન હોય, (૫) જે માલ સમુદ્ર, દરિયામાં ડુબકી લગાવીને કાઢયો હોય, (૬) જેહાદનો માલે ગનીમત, (૭) ઝિંમ્મી કાફિરની ઝમીન જે તેણે મુસલમાન પાસેથી ખરીદી હોય.

વરસ ભર નોકરી, ખેતી, વેપાર, મહેનત, મઝદૂરી તથા તોહફા વગેરે કોઈ પણ રીતે જે ચીઝ અથવા પૈસા મળે, વરસના આખરી દિવસ તે ચીઝ અથવા પૈસાની બચતનો ૫ મો (પાંચમો) હિસ્સો ખુમ્સ તરીકે કાઢવો વાજિબ છે. ખૂમ્સના બે હિસ્સા થાય છે. એક હિસ્સો ઈમામ અલૈહિસ્સલામનો છે કે જે મુજતહિદને અપાય છે તથા એક હિસ્સો સય્યદનો હક છે કે જે ફકત સય્યદોને અપાય છે. જે ગરીબ તથા મઝહબને માનવાવાળા હોય અગર કોઈની મા સૈદાની હોય અને બાપ સય્યદ ન હોય તો તેને ખુમ્સ નથી આપી શકાતું. પરંતુ અગર કોઈની મા સૈયદાની ન હોય અને બાપ સય્યદ હોય તો તેને ખુમ્સ આપી શકાય છે.

## સવાલ

૧. ખુમ્સ કઈ કઈ ચીઝો ઉપર વાજિબ થાય છે ?

૨. ખુમ્સનો હિસાબ કયા દિવસે કરવો જોઈએ ?

૩. મુજતહિદને ખુમ્સનો કયો હિસ્સો આપવાનો હોય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 53

## તવલ્લા તબર્રી

આપણા ધર્મ ઈસ્લામે આપણને ઘણી સારી વાતો બતાવી છે. તેમાંથી આ બે વાતો પણ છે,તવલ્લા અને તબર્રી.તવલ્લાનો અર્થ સારા લોકોથી દોસ્તી.અને તબર્રીનો અર્થ છે,બૂરા લોકોથી નફરત જે જેટલા સારા હશે લોકો તેનાથી એટલીજ વધારે મોહબ્બત કરશે.અને જે લોકો જેટલો બુરા હશે તેનાથી લોકો એટલીજ વધારે દુશ્ મની શમશે છે.હઝરત મોહમ્ મદ મુસ્તફા સ.અ.વ.અને તેમના બાર જાનશીન જે આપણા બાર ઈમામો છે, અને હઝરત ફાતેમાં ઝહેરા સ.અ. દુનિયામાં સૌથી સારા લોકો હતા.તેમના કરતા સારૂં દુનિયામાં કોઈ નથી. માટે,તેમની મોહબ્બત અને પૈરવી જરૂરી છે, તમે સાંભળયુ હશે કે એક વખત રસૂલે ખુદા સ.અ.વ. પાસે અમુક લોકો આવ્યા.અને કહેવા લાગયા કે યા રસૂલલ્લાહ ! આપે અમોને સીધો રસ્તો દેખાડવામાં ઘણી તકલીફો ઉઠાવી છે. અમો તમને આ તકલીફો અને મેહનતનો કંઈક બદલો અને મઝદૂરી આપવા ઈચ્છીએ છીએ.આપે અલ્લાહના હુકમથી ફરમાવ્યું: હું,તમારાથી આ મેહનતનો કોઈ અજ્ર નથી ચાહતો.સિવાય કે તમે મારા નઝદીકના રીશતેદારો(આલ) સાથે દિલથી મોહબ્બત રાખો.કારણ કે અગર તમે તેમની મોહબ્બત તમારા દિલમાં રાખશો તો તેઓની સીરત તમારી ઝીંદગીમાં ઉતારી શકશો. અને આ રીતે તમે ઈસ્લામ પર અમલ કરી સારા ઈન્સાન બની શકશો અને મારો દીન આપ મેળેજ ફેલાતો રહેશે.

યાદ રાખો કે જે મોહબ્બત ખરા દિલથી કરવામાં આવે છે, તેજ સાચી મોહબ્બત છે ઝબાનથી ફકત દોસ્તી કરવી તે દોસ્તી નથી.રસૂલલ્લાહ સ.અ.વ.થી સાચી મોહબ્બત ત્યારેજ શક્ય છે, જયારે તેની ઔલાદ સાથે ખરા દિલથી દોસ્તી રાખે, ન ફકત ઝબાનના દેખાવ કરવાથી. જેવી રીતે તવલ્લા દિલથી દોસ્તી રાખવાનું નામ છે, કે જેનાથી ઈન્સાનના અમલ ખરાબ નથી થતા. તેવીજ રીતે તબર્રી દિલથી દુશ્મની કરવાનું નામ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તબર્રીનો અર્થ ગાળો બોલવાનો કે,જગડો કરવાનો નથી,પંરતુ તબર્રીનો અર્થ એછે કે,જે લોકો બૂરા છે તેનાથી નફરત કરવામાં આવે,અને દિલથી દૂરી હોવી જોઈએ.પરંતુ એવી રીતે નહીંકે તેઓને બુરૂં-ભલુ કહેતા રહીએ. અને આપણે પણ એવા કામ કરીએ,કે જાણે આપણા અને તે બૂરા લોકોમાં કોઈ જાતનો તફાવત ન હોય. પંરતુ જે ખરાબ કાર્યો તે લોકોએ કર્યા તે આપણે ન કરીએ. તઓ એ બિજાનો હ્કક છીનવી લીધો હતો. તો આપણે કોઈનો હ્કક ગસબ ન કરીએ. તેઓએ કોઈનું ઘર સળગાવવા માટે આગ અને લાકડીઓ ભેગી કરી હતી. તો આપણે કોઈ મોમીનનો જીવ ન બાળીયે. તઓ લડાઈના મૈદાનથી ભાગી ગયા હતા, તો આપણે ઈસ્લામને બચાવતા રહીએ , અને કદી પીછે હટ ન કરીએ. તેઓ શરાબ પિતા હતા.તો આપણે ન પીયે. તેઓ જુગાર રમતા હતા આપણે ન રમીએ.તેઓ બેઈમાની કરતા હતા આપણે ન કરીએ.તેઓ ઈમામ હુસૈન અ.સ.ના કાતિલ હતા.આપણે કોઈને ન સતાવીએ. અગર જો આપણે તેની જેવા કામ કરતા રહેશું તો તેનો મતલબ એમ થયો કે ઝબાનથી તો તેઓની બૂરાઈ કરીએ છીએ, પંરતુ દિલથી તેઓનો સાથ આપીએ છીએ. હવે જોવાનું એ છે કે આપણામાંથી કેટલા લોકો એવા છે જે ખરેખર રસૂલે ખુદા સ.અ.વ.અને તેની આલે પાકથી મોહબ્બત કરે છે ? અને કેટલા તેઓના દુશમનનો સાથ આપે છે ? કે જેનો ફેસલો દરેકના અમલથી થશે બચ્ચાઓ! તમે સારા કામ કરો જેમકે નમાઝ પઢો,રોઝા રાખો,ખોટું ન બોલો કોઈને પરેશાન ન કરો,કોઈનો માલ ન ખાવ, કોઈ ગરીબનો હ્કક ગસ્બ ન કરો, કોઈની સાથે બેઈમાની ન કરો, જેથી તમારી ગણતરી એહલેબૈત અ.સ.ના દોસ્તોમાં કરવામાં આવે.

## સવાલ

(૧) તવલ્લા અને તબર્રાનો અર્થ જણાવો ?

(૨) તવલ્લા અને તબર્રાની રીત લખો ?

(૩) જયારે મુસલમાનો રસૂલે ખુદા સ.અ.વ.ને અજ્રે રિસાલત આપવા માટે ગયા ત્યારે આપે શું જવાબ આપ્યો ?

(૪) કોણ તવલ્લા અને તબર્રા પર અમલ કરે છે તે કેવી રીતે માલુમ થઈ શકે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 54

## લાલચ

લાલચ બહું મોટી આફત છે.અલ્લાહ દરેકને લાલચથી બચાવે.લાલચી આદમી પોતાની ઝિંદગીમાં કયારેય ખુશ નથી રહી શકતો. તેને જયારે પણ કોઈ વસ્તું મળી જાય છે. ત્યારે તે વિચારે છે કે હજી વધારે મળી જાય તો સારૂ. લાલચી આદમીના નસીબમાં આરામ લખવામાં આવ્યો નથી.

એક માણસ ખુબજ લાલચી હતો. તે હંમેશા અલ્લાહથી દુઆ કરતો,કે મારૂ આખું ઘર સોનાથી ભરાઈ જાય. અને હું જે વસ્તુને હાથ લગાડું તે સોનાની થઈ જાય. અચાનક એક દિવસ તેની દુઆ કબુલ થઈ ગઈ. તે ઘરમાં આવ્યો,અને ઘરની દરેક દિવાલને હાથ લગાડયો. દરેક વસ્તુને હાથ લગાડયો.દરેક ખાટલા અને વાસણને હાથ લગાડયો. તે બધુ સોનાનું થઈ ગયુ.અને પછી જયારે ખુશી ખુશી ચૈનથી બઠો અને વિચાર કરતો હતો કે, મારા જેવો કોણ હોઈ શકે ? મારી જેટલું સોનું કોની પાસે હોઈ શકે ? મસ્તો મગન થઈ સોનેરી પથારીમાં સુઈ રહ્યો હતો.એટલામાં તેને ભુખ લાગી.દિકરીને અવાજ આપ્યો.દિકરી ખાવાનું લઈને હાજર થઈ. સોનાના વાસણમાં જમવાનું જોઈ વધારે ખુશ થયો.પંરતુ જેવી રોટલીને હાથ લગાવે છે કે, તે પણ સોનાની થઈ ગઈ. આ બીચારો જોતોજ રહીગયો. હવે ખાય તો શું ખાય ? વીચાર્યું કે ફકત પાણીજ પીઈ લયે. જેવું પાણી હોઠથી લગાડયુ તે પાણી જામી અને સોનું બની ગયુ. તરસ બહુજ લાગી હતી.બેચૈન થઈ ગયો. અને પોતાની દિકરીને ગળે લગાવી રોવા લાગ્યો.શું જુએ છે,કે તેનીદિકરી સોનાની મૂર્તી થઈ ગઈ હતી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


આ જોઈ તે લાલચી બેહોશ થઈ ગયો. જયારે હોશ આવ્યો ત્યારે વિચારવા લાગ્યો, કે લાલચી માણસને સોનું તો મળી શકે છે, પરંતુ ખાવા-પીવા અને ઓલાદની મોહબ્બતનથી મળી શકતી. ત્યાર બાદ તેણે અલ્લાહ પાસે તૌબા કરી. અને તેના હાથનો અસર ચાલ્યો ગયો.

## સવાલ

(૧) લાલચી આદમીની આદત શું હોય છે ? અને તે શું વિચારતો હોય છે ?

(૨) લાલચી આદમી કેવી રીતે ખુશ થયો ?

(૩) લાલચી આદમી શા માટે બેહોશ થઈ ગયો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 55

## જાદુ

તમે ઘણા મદારીઓને જાદુ કરતા જોયા હશે. આ લોકો પોતાની ચાલાકીથી લોકોને છેતરે છે. અને જોવાવાળાને ખબર પણ નથી પડતી. હકીકતમાં વસ્તું હોય છે કંઈક, અને દેખાય છે કંઈક બીજી,કયારેક આ વસ્તુ દવાઓની મદદથી કરવામાં આવે છે. જેને ઘણાં લોકો જાણતા નથી. તેઓ એમ સમજે છે, કે મદારીએ કમાલ કરી દીધી. જયારે કે તે કોઈ ખાસ વસ્તુ નથી હોતી. જાદુગર દવા નાખીને પાણીને જમાવી દે છે. અને જોવા વાળાને નવાઈ લાગે છે. તેઓ ચાંદીને ઓગાળી નાખે છે. અને જોનારને એમ લાગે છે કે, જાદુગરે કોઈ મોટું કામ કરી નાખ્યું.

એવીજ એક વાત ઈમામ જાફરે સાદિક અ.સ.ના ઝમાનામાં પેશ આવી. એક માણસ માટીને ખાસ રીતે સડાવીને રાખી મુકતો અને પછી તેમાંથી વીંછી નીકળતા. લોકો હેરાન હતા. તે પોતાને ખુદા મનાવવા માંગતો હતો.કોઈથી કંઈ થઈ શકયું નહીં.તે ઝમાનાનો બાદશાહ પણ હેરાન થઈ ગયો.અંતમા ઈમામ સાદિક અ.સ.ને ખબર આપવામાં આવી.આપ તશરીફ લાવ્યા. અને જાદુગરે ઈમામ ની સામે પણ તેજ પ્રયોગ કર્યો.આપે ફરમાવ્યું : કે અય જાદુગર શું આ વીંછીને તે પૈદા કર્યા છે ? તે મદારીએ ગર્વથી જવાબ આપ્યો. હા!મેંતેને પૈદા કર્યા છે. ઈમામે ફરમાવ્યું કે બસ હવે તું એટલું બતાવ કે તે આ વીંછીઓમાં કેટલા નર પૈદા કર્યા છે ? અને કેટલી માદા બનાવી છે ? આ સાંભળીને તે ગભરાઈ ગયો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


અને નવાઈથી જોવા લાગ્યો. પછી જયારે ઈમામે વીંછીઓ તરફ ઈશારો કર્યો ત્યારે નર અલગ થઈ ગયા અને માદા અલગ થઈ ગઈ. પછી ઈમામે ફરમાવ્યું કે અગર તું ચાહે તો હું દરેક વીંછીનુ વઝન પણ બતાવી દઉ. અને સાંભળ ખુદાએ અમને એટલી તાકત આપી હોવા છતા અમે ખુદાઈનો દાવો નથી કરતા. બલ્કે તેની ઈબાદત કરીએ છીએ.

## સવાલ

(૧) મદારીઓ શું કરતા હોય છે ?

(૨) ઈમામ સાદિક અ.સ.ના સમયમાં મદારી શું કરતો હતો ? અને શા માટે ?

(૩) ઈમામે તેને કઈ રીતે જુઠો સાબિત કર્યો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 56

## હુદહુદ

બચ્ચાઓ! તમે હુદહુદ જોયું હશે. તે બહુજ જડપી અને દૂરંદાજ પક્ષી છે. કહેવામાં આવે છે હઝરત સુલૈમાન અ.ના ઝમાનામાં પણ આ પક્ષી હતું. જે બહુંજ અજીબ અજીબ વાતો કરતું હતું. "મુલ્કે સબા" અરબનું એક રાજ્ય હતું. જયા એક રાણી રાજ કરતી હતી, જેનું નામ બિલકીસ હતું જનાબે સુલૈમાનને બિલકીસ વિષે સમાચાર પણ આ હુદહુદ પક્ષીએ આપ્યા હતા.મશહુર છે કે,એક દિવસ હુદહુદે હંસીને હ.સુલૈમાનથી કહ્યુઃ કે, હું તમારી જમવાની દાવત કરવા ચાહું છું. હ.સુલૈમાન આ સાંભળી હસ્યા અને કહ્યું મારી એકલાની દાવત કરવા ચાહે છે ? કે સાથે બિજા કોઈને પણ દાવત કરીશ ? હુદહુદે કહ્યુ મારૂં દિલતો કહે છે,કે તમે તમારા પુરા લશ્કર સાથે તશરીફ લાવો.હઝરતે નવાઈથી પુછ્યું કે ખરેખર તું મારા લશ્કરની પણ દાવત કરી રહ્યો છે ? હુદહુદે કહ્યુઃ જી હાં! જમવાનો સમય અને જગ્યા દરીયાના એક કિનારે મૈદાનમાં નક્કી કરવામાં આવ્યો. હુદહુદે કહ્યુઃ તે જગ્યાએ જમવાનું તૈયાર હશે. તમે તમારા પુરા લશ્કર સાથે આવજો.દાવતનો સમય થયો એટલે હઝરતે સુલૈમાન તેના લશ્કર સાથે નક્કી થએલ જગ્યાએ પહોંચી ગયા. ત્યા જોયું તો હુદહુદ નથી.અને કંઈ જમવાની વ્યવસ્થા પણ નથી. હ.સુલૈમાને હુદહુદને બોલાવ્યું અને પુછ્યું, જમવાનું કેમ નથી બનાવ્યું ? શું તે અમારી મજાક ઉડાવી છે ? હુદહુદે જવાબ આપ્યો, નહીં! મે મજાક નથી કરી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને જમવાનું પણ તૈયાર છે. બસ જમવાનો સમય નથી થયો. થોડી વાર પછી હુદહુદે એક ટિડ્ડા ને પકડી દરીયામાં નાખી દીધુ. અને હઝરતે સુલૈમાનને કહ્યુઃયા નબીએ ખુદા જમવાનું તૈયાર છે. બિસ્મીલ્લાહ અને જો બોટી ઓછી પડે તો પણ શાકનો રસ વધારે જ છે. જનાબે સુલૈમાન આ સાંભળી બહુજ ખુશ થયા. અને હુદહુદની આ વાતને પંસદ કરી. કારણ કે હુદહુદે અલ્લાહના રિઝક પર ભરોસો કર્યો હતો.


અમુક દોરા,તઅવીઝ કરનારાઓ આ પક્ષીને પાળે છે કારણ કે તેના માથામાં કલગી (તાજ)હોય છે.

## સવાલ

(૧) હુદહુદ કેવું પક્ષી છે ? અને હ.સુલૈમાનના ઝમાનામાં તે પક્ષી કોની ખબર લાવેલ હતું ?

(૨) હુદહુદે કોની દાવત કરી હતી ? અને કેવી રીતે કરી હતી ?

(૩) હ.સુલૈમાન હુદહુદથી કઈ વાત પર ખુશ થયા ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 57

## હુંમેશા યાદ રાખો

વડીલોને સલામ કરો.

સફાઈ નો ખ્યાલ રાખો.

કોઈની હુંસી મજાક ઉડાવવી ન જોઈએ.

જનાવરોની જેમ ઉભા રહી પેશાબ ન કરો.

પેશાબ કરી પાણીથી જરૂર પાક કરો.

જમવાનું હુંમેશા બેસીને જમો, ચાલતા ફરતા જમવું જનાવરોનું કામ છે.

જમવા પહેલા અને પછી હાથ ધોવા જોઈએ.

જમવા પહેલા બિસ્મીલ્લાહ... અને જમવા પછી અલહમ્દો લીલ્લાહ.... કહેવું જોઈએ.

કોઈની નકલ ન કરવી જોઈએ.

કોઈની પેન, પેન્સિલ, પાટી, તેમજ બીજી કોઈ વસ્તું ચોરવી ન જોઈએ કારણ કે, તે ખરાબ વસ્તુ છે .અને ચોરીની સઝા એ છે કે, તેના હાથ કાપી નાખવામાં આવે.

જયારે બોલો તો સમજી વિચારીને બોલો. અને ધીરે બોલો રાડો ન પાડો.

ફિલ્મ જોવી મનાઈ છે. ગીત સાંભળવું, વાજુ વગાડવું અને નાચ જોવું ગુનાહ છે. કયામતના દિવસે આવા કામ કરનારની આંખમા ગરમ ગરમ લોખંડના સળીયા નાખવામાં આવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તમારા માં-બાપ ફિલ્મ જોવા જાય તો તેને મનાઈ કરવી, અને આપણે પણ ન જવું.

છુપાઈને પણ કોઈ બૂરાઈ ન કરો. કારણ કે તે પણ ખુદા જોઈ રહ્યો છે.


## સવાલ

(૧) આપણે શું શું કરવું જોઈએ તેની પાંચ વાતો લખો.

(૨) કયામતના દિવસે કોની આંખમા ગરમ ગરમ સળીયા નાખવામાં આવશે?

(૩) જમવા પહેલા અને પછી શું કરવુ જોઈએ ?અને કેવી રીતે જમવું જોઈએ?

(૪) ચોરી કરવી કેવી છે અને ચોરીની સઝા શું છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 58

# નઝર તથા ફાતેહા

નબી તથા ઈમામને કોઈ પણ ચીઝ પેશ કરવી તેનું નામ નઝર છે. નઝર અગર નબી તથા ઈમામ સુધી પહોંચી શકતી હોય તો નઝરની ચીઝ તેઓ સામે પેશ કરવી જોઈએ: નહિ તો નઝરની ચીઝ ગરીબોને આપી તેનો સવાબ નબી તથા ઈમામને પેશ કરવો જોઈએ. નઝર જીવતા ઈમામ તેમજ નબીની પણ થઈ શકે છે.

ફાતેહા ફક્ત મરનારને સવાબ પહોંચાડવાનું નામ છે. નઝરનો તરીકો એ છે કે સલવાત પઢચા પછી સૂરએ હમ્દ તથા સૂરએ તૌહિદ વગેરેની તિલાવત કરીને પછી સલવાત પઢવી તથા અલ્લાહની બારગાહમાં કહે કે મેં આ સૂરાનો સવાબ ચહારદા મઅસૂમીનને નઝર કરૂં છું તથા જો કોઈ મરનાર વ્યક્તિનો ફાતેહો દેવાનો હોય તો એમ કહે કે આને બદલે જે સવાબ મળે તેને અમુક મરનારની રૂહને બક્ષું છું.

## સવાલ

૧. નઝર કઈ વસ્તુનું નામ છે?

૨. નઝરનો તરીકો શું છે?

૩. ફાતેહા કેવી રીતે દેવાય છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 59
# ખૈરાત

જનાબે ઈસા અલૈહિસ્સલામે એક કઠીયારાને જોઈને કહ્યું કે આજ તે મરી જશે. પરંતુ સાંજે જ્યારે આપ તે ગામમાં પાછા ફર્યા તો જોયું કે તે જ કઠીયારો લાકડાની એક ગાંસડી બાંધી માથા ઉપર ઉપાડી જંગલથી પાછો ફરી રહ્યો છે. આપે તે લાકડાની ગાંસડી ખોલાવી તો લાકડાની વચમાં એક સાપ હતો. જેને કઠીયારો લાકડી સમજી બાંધી લાવ્યો હતો. સાપના મોઢામાં એક પત્થર હતો, આપે કઠીયારાને પૂછ્યું કે તે આજે કોઈ સારૂં કામ કર્યું છે ? કઠીયારાએ કહ્યું કે જ્યારે હું ખાવા બેઠો હતો ત્યારે એક રોટલી મેં એક ભૂખ્યા માણસને ખવરાવી હતી.

હઝરત ઈસા અલૈહિસ્સલામે કહ્યું કે આજ તારૂં મોત સાપના મારફત થવાનું હતું. પરંતુ તારી રોટલીએ તને બચાવી લીધો. અને તેથી સાપના મોઢામાં પત્થર હતો. યાદ રાખો કે અલ્લાહના નામ ઉપર ખૈરાત કરવાથી મુસીબત ખત્મ થઈ જાય છે.

## સવાલ

૧. ખૈરાતથી શું ફાયદો થાય છે ?

૨. કઠીયારાનો જીવ કેવી રીતે બચી ગયો ?

૩. કઠીયારો ખૈરાત ન કરત તો શું થાત ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 60
# કુરઆન પઢવાના આદાબ

કુરઆને મજીદ પઢતી વખતે આટલી વાતો ખ્યાલમાં રાખવી જરૂરી છે :

૧. તિલાવત કરતા પહેલા વુઝૂ કરવું જોઈએ.

૨. તિલાવત કરતા પહેલા **"અઉઝો બિલ્લાહે મિનશ્શયતા નિર્રજીમ"** કહેવું જોઈએ.

૩. તિલાવત પછી **"સદકલ્લાહુલ અલીય્યુલ અઝીમ"** કહેવું જોઈએ.

૪. તિલાવત પહેલા તેમજ પછી સલવાત પઢવી જોઈએ.

૫. તિલાવત કરતી વખતે શબ્દોને સહી તરીકાથી અદા કરવા જોઈએ.

૬. સૂરએ હમ્દ પુરો થાય તેના પછી **"અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન"** કહેવું જોઈએ.

૭. સૂરએ કુલહોવલ્લાહ પઢ્યા પછી **"કઝાલેકલ્લાહો રબ્બી"** કહેવુ જોઈએ.

૮. સૂરએ બરાઅતના પહેલા બિસ્મિલ્લાહની જગ્યાએ **"અઉઝો બિલ્લાહે મિન ગઝબિજ્જબ્બાર"** કહેવું જોઈએ.

૯. સજદા વાળી આયતોની તિલાવત કરીને સિજદો કરવો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જોઇએ.


૧૦. તિલાવત વખતે માથું ખુલ્લું ન હોવું જોઈએ.

## સવાલ

૧. તિલાવતે કુરઆનના પહેલા તથા પછી શું કહેવું જોઈએ ?

૨. સૂરએ કુલહોવલ્લાહ પછી શું કહેવું જોઈએ ?

૩. સૂરએ બરાઅતની તિલાવત પહેલા શું કહેવું જોઈએ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

કુલ યા અય્યુહલ - કાફિરૂન લા આ - બુદુ મા તઅ - બુદૂન ! વલા અન્તુમ આબિદૂ - ન મા આઅબુદ !વલા અના આબિદુમ - મા અબત્તુમ ! વલા અન્તુમ આબિદૂન મા આઅબુદ ! લકુમ દીનુકુમ વલિ - ય - દીન

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

અલમ નશરહ્ લ - ક સદરક ! વ વ - ઝઅ - ના અન - ક વિઝરકલ્લઝી અનક - ઝ ઝહરક ! વ ર - ફઅના લ - ક ઝિકરક ફઈન્ન મઅલ - ઉસરિ યુસરા ઈન્નમઅલ - ઉસરિ યુસરા ફઈઝા ફરગ - ત - ફન્સબ ! વ ઈલા રબ્બિ - ક ફરગબ !

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

સબ્બિહિસ્મ રબ્બિકલ - આઅલલ્લઝી ખ-લ- ક ફસવ્વા ! વલ્લઝી કદદ ર ફહદા ! વલ્લઝી અખરજલ- મરઆ ! ફ - જ- અ લ હુ ગુસાઅન અહવા ! સનુક રે ઓકા ફલા તન્સા ! ઈલ્લા માશા અલ્લાહ ! ઈન્નહૂ યાઅલમુલ જહરા વમા યખફા ! વ નુ યસ્સિરુ - ક લિલ યુસરા ! ફઝક્કિર ઈન ન - ફ - અતિઝ્ઝિકરા ! સયઝ્ઝક્કરુ મૈય યખશા ! વ ય - ત જન્નબુહલ અશ્કલ્લઝી યસલન્નારલ - કુબરા ! સુમ્મા લા યમૂતુ ફીહા વલા યહ્યા ! કદ - અફ - લ - હ મન તઝક્કા ! વ ઝ -ક રસ્મ રબ્બિહી ફસલ્લા ! બલ તુઅસિરૂનલ હયાતદદુન્યા ! વલ આખિરતુ ખૈરૂ વ અબકા ! ઈન્ન હાઝા લફિસ્સુહુફિલ ઉલા ! સુહુફિ ઈબરાહી - મ વ મૂસા !

## બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

વશ્શમ્સિ વ ઝુહાહા ! વલ્કમરિ ઈઝા તલાહા ! વન્નહારિ ઈઝા જલ્લાહા ! વલ લૈલિ ઈઝા યગશાહા ! વસ્સમાઈ વમા બનાહા ! વલ અર્ઝિ વમા તહાહા ! વ નફસિવ વમા સવ્વાહા ફઅલ્હમહા ફુજૂરહા વ તકવાહા ! કદ અફલહા મન ઝક્કાહા ! વ કદ ખાબા મન દસ્સાહા ! કઝ્ઝબત સમૂદુ બિતગવાહા ! ઈઝિમ્બ - અ - સ અશકાહા ! ફકા - લ - લહુમ રસૂલુલ્લાહિ નાકતલ્લાહિ વ સુકયાહા ! ફકઝ્ઝબૂહુ ફ - અ - ક રૂહા ફદમ્દ - મ અલૈહિમ રબ્બુહુમ બિઝમબિહિમ ફસવ્વાહા ! વલા યખાફુ ઉકબાહા !

## બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

ઈઝા ઝુલઝિલતિલ અર્ઝુ ઝિલ્ઝા લ - હા! વ અખ - ર - જ - તિલ અર્ઝુ અસકાલહા ! વ કાલલ ઈન્સાનુ મા લહા ! યૌમઈ ઝિન તુહદ્દિદસુ અખબારહા ! બિઅન્ન રબ્બ - ક ઔહા લહા ! યૌમઈઝીય યસ્દુરુન્નાસુ અશતાતલ લિ યુરવ આઅમા-લહુમ ફમૈ - યઅમલ મિસ કા - લા ઝર્રતિન ખૈરૈ યરહ! વ મૈ - યઅમલ મિસ - કા- લ ઝર્રતિન શર્રૈ યરહ!

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# عکس اجازہ حضرت آیۃ اللہ العظمیٰ آقائی السید علی الحسینی السیستانی دام ظلہ الوارف

**Tanzeemul Makatib**
Golaganj, Lucknow-18 India
Telefax 0522 2615115, 2628923, 2618194
makatib@makatib.net
www.makatib.net

**تنظیم المکاتب**
گولہ گنج لکھنؤ ۱۸ انڈیا
ٹیلی فیکس: ۰۵۲۲ ۲۶۱۵۱۱۵، ۲۶۲۸۹۲۳، ۲۶۱۸۱۹۴

باسمه تعالی

محضر مبارك
جناب مستطاب حضرت آیة الله العظمیٰ السید علی السیستانی دام ظله الشریف
سلام علیکم ورحمة الله وبرکاته

احتراماً معروض می دارد که حضرت عالی اجازه ای برای سه سال جهت اخذ سهم مبارك امام علیه السلام به مبلغ ده ملیون روپیه هندی در سال را به سازمان تنظیم المکاتب مرحمت فرمودید که این اجازه باعث گسترش و ادامه فعالیت های این سازمان گردید.

اکنون در شرف اتمام این مدت با در نظر گرفتن توسعه فعالیتها و افزائش قیمت ها که موجب دو برابر شدن مخارج این سازمان شده است استدعا دارد اجازۀ دیگری جهت اخذ بیست ملیون روپیه هندی در سال از داخل و خارج هندوستان برای تامین بودجه به سازمان تنظیم المکاتب مرحمت فرمائید

لازم به ذکر است که تمامی مخارج این سازمان از طریق وجوه شرعیه و تبرعات خیریه تامین می شود.

امیدوارم در ظل عنایات جناب عالی این سازمان در ارائه خدمات دینی فرهنگی بیش از پیش موفق باشد.

طول عمر و صحت وسلامتی حضرت عالی را از درگاه خداوند متعال خواستارم.

فتوکپی اجازۀ فعلی پیوست می باشد.

والسلام علیکم ورحمة الله وبرکاته

سید صفی حیدر
دبیر کل سازمان تنظیم المکاتب
لکهنؤ ۔ هندوستان

بسمه تعالی
با ابلاغ سلام، مجازید سه ساله تا مبلغ پانزده میلیون روپیه از بابت سهم مبارك امام جهت بیانهای فوق الذکر صرف نمائید.
موقتاً این اجازه سه ساله است
٢٤/٢٢
١٤٣٢هـ

مذکورہ خدمات پر ڈیڑھ کروڑ روپے سالانہ سہم امامؑ خرچ کرنے کی اجازت دی جاتی ہے۔

मज़कूरा ख़िदमात पर डेढ़ करोड़ रुपये सालाना सहमे इमाम अ०स० ख़र्च करने की इजाज़त दी जाती है।

Permission is given to spend Rupees Fifteen Million annually out of Sahm_e_Imam a.s. On the mentioned Services.

તન્ઝીમુલ મકાતિબને દેઢ કરોડ રૂપિયા વાર્ષિક સહમે ઇમામ ખર્ચ કરવાની ઇજાઝત આપવામાં આવે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**TANZEEMUL MAKATIB**
Golaganj, Lucknow 226018, U.P. INDIA
PH: 0522, 6565982 2615115, 2628923, 2618194
Email: makatib@makatib.net, makatib.makatib@gmail.com
www.makatib.net